**સુવિચાર**
જેને સંસારમાં જીવવાની કળા આવડી ગઈ તે સંસારથી થાકતો નથી. બલકે સંસાર તરી જાય છે
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૦૬/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ જેઠ વદ-૯ વર્ષ : ૧૫ અંક : ૧૭૦

**ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...**
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફ્રેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી (દૂરબીનથી ઓપરેશન)




**નવજીવન**
જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦૦

## જિલ્લામાં સતત બે દિવસથી મેઘરાજાની કૃપા શરૂ

# અમરેલી જિલ્લામાં અર્ધાથી લઈને એક ઈંચ વરસાદ

**અમરેલીનાં લાલાવદર, લીલીયાનાં ગોઢાવદર, સલડી, જાત્રુડા સહિતનાં વિસ્તારોમાં વરસાદ**

**બાબરાનાં ચમારડી, વલારડી, વાવડી, પીરખીજડીયા, ચરખામાં પણ વરસાદ પડયો**

**લાઠીનાં કાચરડી અને દામનગરમાં પણ ધોધમાર વરસાદથી સૌ ખૂશ**

**વડિયામાં ૧૪, બાબરામાં ૨૨, લીલીયામાં ૧૪, અમરેલીમાં ૧૫, બગસરામાં ૧૯ મી.મી. વરસાદ**



અમરેલી, તા. ૨૯
અમરેલી જિલ્લામાં આજે સતતબીજાદિવસેમેઘાવીમાહોલજામતા જિલ્લાના લાઠી, સાવરકુંડલા, બાબરા, ખાંભા, બગસરા સહિતના પંથકમાં હળવાથી લઈ ધોધમાર વરસાદ પડયો હતો.

અમરેલી પંથકમાં આજે સતતબીજાદિવસેમેઘાવીમાહોલજામતા અમરેલી શહેરમાં હળવા ભારે વરસાદી ઝાપટા પડતાં શહેર ગ્રામ્ય વિસ્તારોમાં ધીમીધારે વરસાદથી પાણી ભરાયાં હતા. જયારે અમરેલી તાલુકાના લાલાવદર, લીલીયાનાં ગોઢાવદર, શેઢાડા, સલડી ગામોમાં મેઘમહેર જોવા મળી હતી.

બગસરા પંથકમાં ગામડાઓમાં હડાળા, માવજીંજવા, બાલાપુર, પીઠડીયા, જુના વાઘણીયા, ખારી, ખીજડીયા, ચારણ પીપળી ગામોમાં ઘોઘમાર વરસાદ પડયો હતો.

લીલીયાશહેરમાંલીલીયાના ગ્રામ્ય વિસ્તાર અંટાળીયા, કણકોટ, ભેંસવડી સહિતના ગામોમાં ધોધમાર વરસાદ પડતા લીલીયા ગ્રામ્યના ખેતરો

**અનુસંધાન પાના ૬ ઉપર**

**શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ-અમરેલી**
જનરલ હોસ્પિટલ કેમ્પસ, એસ.ટી. ડેપોની પાછળ, અમરેલી

**રાષ્ટ્રિય ડોકટર દિવસની હાર્દિક શુભેચ્છા**



દર્દીનારાયણોની દિવસ રાત જોયા વગર મુશ્કેલીના કપરા સમયમાં પોતાના પરિવારની દૂર રહી સેવા કરતા રાષ્ટ્રને અમુલ્ય યોગદાન આપી રહેલ તમામ તબીબોને ડોકટર્સ દિવસની હાર્દિક શુભકામનાઓ.

**હોસ્પિટલમાં ઉપલબ્ધ સેવાઓ**
- જનરલ મેડીસીન વિભાગ
- જનરલ સર્જરી વિભાગ
- હાડકા વિભાગ (ઓર્થો)
- કાન નાક ગળાનો વિભાગ (ઈએનટી)
- પ્રસુતિ અને સ્ત્રી રોગ વિભાગ
- બાળરોગ વિભાગ
- દાંત (ડેન્ટલ) વિભાગ
- VF\BIJEFU
- ફેફસાના રોગ
- ચામડીના રોગ વિભાગ
- માનસિક રોગ વિભાગ
- આઈ.સી.યુ ની સેવા ઉપલબ્ધ
- ડાયાલીસીસ સેવાઓ ઉપલબ્ધ
- ફીઝીયોથેરાપી સેવા ઉપલબ્ધ



માન. શ્રી વસંતભાઈ ગજેરા
(ચેરમેન શ્રી)

રાહત દરે એમ.આર.આઈ તથા સી.ટી.સ્કેન

આયુષ્માન ભારત યોજનાનો સંપૂર્ણ લાભ મળવાપાત્ર છે.


**૨૪/૭ ઈમરજન્સી સેવાઓ**
- ટ્રોમા
- એક્સ-રે
- સિટી સ્કેન / એમ.આર.આઈ
- બ્લડ બેંક / લેબોરેટરી

**ફ્રી સુવિધાઓ**
- દાખલ દર્દીની તપાસ
- એક્સ-રે તથા લેબોરેટરી
- ઓપરેશન
- દવા
- રહેવા તથા જમવાનું

02792 350101
02792 232223

ડિલક્ષ, સ્પેશીયલ અને સેમીસ્પેશીયલ કેટેગરીની પ્રાઈવેટ રૂમ સુવિધા ઉપલબ્ધ

**જન્મદિવસ નિમિત્તે ખુબ-ખુબ શુભકામનાઓ...**




સાવરકુંડલા - લીલીયા વિધાનસભાના ધારાસભ્ય **શ્રી મહેશ કસવાલા** નાં **જન્મદિન** નિમિત્તે તેઓને દીધાર્યુ, યશ, કિર્તી, પ્રતિષ્ઠા મળે તેવી ખુબ-ખુબ શુભકામનાઓ...

**શ્રી મહેશ કસવાલા**
ધારાસભ્યશ્રી
સાવરકુંડલા - લીલીયા વિધાનસભા

શુભેચ્છક



**ધનશ્યામભાઈ ડોબરીયા**
ભાજપ અગ્રણી - સાવરકુંડલા

## મિશન સ્કૂલ ઓફ એકસલેન્સ અંતર્ગત

# ''વિકસિત અને શિક્ષિત અમરેલી''નાં મૂળ મંત્ર સાથે શિક્ષણનો થશે વિકાસ

### ધારાસભ્ય વેકરિયાએ અંદાજિત રૂપિયા ૫.૬૦ કરોડનાં વિકાસકાર્યો મંજૂર કરાવ્યા

### સમગ્ર શિક્ષણ અંતર્ગત ૩ શાળામાં ૨૭ નવા ઓરડા અને પાંચ શાળાનું અપગ્રેડેશન થશે

### માણેકપરા, બહારપરા, કુમાર વિદ્યાલય શાળામાં નવા ઓરડાનું નિર્માણ કરાશે

### શહેરની અન્ય શાળાઓમાં પણ જરૂરી તમામ સુવિધાઓ ઉભી કરાશે

અમરેલી, તા. ૨૯

વિકાસનો પર્યાય બની ગયેલ અમરેલીનાં યુવાન ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરિયા એક પછી એક વિકાસકાર્યો મંજૂર કરાવી અને અમરેલીને વિકાસની અગ્રિમ હરોળમાં લઈ જવા કર્તવ્યબધ્ધ છે. શિક્ષણ એ કોઈ પણ સમાજની પાયાની જરૂરિયાત છે અને સારી યુવિધાયુકત શાળાઓ



વિદ્યાર્થીઓને સારૂ શિક્ષણ અપાવવા માટે આજના સમયની માંગ છે. વિકસિત અને શિક્ષિત અમરેલીના મૂળ મંત્ર સાથે મિશન સ્કૂલ ઓફ એકસલેન્સ અંતર્ગત ધારાસભ્ય કૌશિક વેકરિયાએ અમરેલી વિધાનસભામાં અંદાજિત ૫.૬૦ કરોડના વિકાસ કાર્યો મંજૂર કરાવ્યા છે. અમરેલી શહેર અને વિધાનસભાની કુલ ૦૫ શાળામાં સમગ્ર શિક્ષા અંતર્ગત નવા ઓરડાનું બાંધકામ થશે અને શાળા અપગ્રેડેશન કરવામાં આવશે.

જેમાં અમરેલી નગરની માણેકપરા અને બહારપરા કુમાર વિદ્યાલયમાં ૧૬ નવા ઓરડા બાંધવામાં આવશે અને સાથે શાળા અપગ્રેડેશનનું કામ થશે. જે અંદાજિત રૂા. ૨,૮૫,૪૨,૪૦૦નાં ખર્ચે સમાપ્ત થશે જયારે અમરેલીની જેસીંગપરા કુમારશાળામાં ૧૧ નવા ઓરડાનું નિર્માણ થશે અને સાથે જ મોટા આંકડીયા અને ગાવડકાની શાળાનું અપગ્રેડેશન કાર્ય હાથ ધરાશે. આ કામ અંદાજિત રૂા. ૨,૭૪,૯૭,૫૭૧ના ખર્ચે થશે. આમ અમરેલી વિધાનસભામાં અંદાજિત રૂા. ૫.૬૧ કરોડનાં ખર્ચે શિક્ષણને લગતા વિકાસકાર્યો મજબૂત થશે. શિક્ષણ ક્ષેત્રે તમામ જરૂરિયાતોને પૂર્ણ કરી સ્માર્ટ કલાસરૂમથી સજજ અત્યાધુનિક શાળાઓ બનાવી રહેલી ગુજરાત સરકાર અમરેલીનાં વિકાસ માટે કટીબધ્ધ છે, ત્યારે આગામી દિવસોમાં અમરેલીની અન્ય શાળાઓ માટે પણ ધારાસભ્ય વેકરિયા દ્વારા ખૂટતી તમામ માંગણીઓ પૂર્ણ કરવામાં આવશે.

---

## સુંદર કામગીરી બદલ

# લીલીયામોટાનાં પીએસઆઇ સહિત પાંચ પોલીસકર્મીઓનુ એસપીના વરદ્ હસ્તે સન્માન

### ક્રાંકચની લુંટના ગુન્હાનાં આરોપીઓને દબોચી લીધા હતા

લીલીયા મોટા, તા. ૨૯

લીલીયા મોટા ખાતે પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા એસ.આર. ગોહિલને ક્રાંકચ ગામે થયેલ લૂંટના આરોપીને ગણતરીની કલાકોમાં પકડી પાડેલ તેમજ પૂંજાપાદર ગામે થયેલ ઈક્કો ચોરીના આરોપીને ગણતરીના દિવસોમાં ઝડપી લઈ ને સુંદર કામગીરી કરવા બદલ એસ.પી. હિમકરસિંહ દ્વારા સન્માન પત્ર આપી સન્માનિત કરવા માં આવેલ તેવીજ રીતે લીલીયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મી ભુજબલદાન ગઢવી, વિજયભાઈ લાલુ, દિલીપભાઈ ખૂટ, સિધ્ધરાજસિંહ જાડેજાનું પણ અમરેલી એસ.પી હીમકરસિંહ દ્વારા લીલીયા પોલીસ સ્ટેશન માં શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માન પત્ર આપી સન્માનિત કરવા માં



આવેલ હોય ત્યારે લીલીયા પોલીસ સ્ટેશનના પીએસઆઈ સહિત પોલીસ કર્મીઓને શ્રેષ્ઠ કામગીરી બદલ સનમાંનીત કરાતા લીલીયા પોલીસ સ્ટેશનનું નામ રોશન કરાતા લીલીયા પોલીસ પરિવાર દ્વારા તમામ સન્માનિત પોલીસ કર્મીઓને શુભ કામના પાઠવવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

## ૧ જુલાઈ ''નેશનલ ડોકટર્સ ડે''

# દવાઓથી ફકત રોગોની સારવાર થાય, દર્દીની સારવાર તો એક ડોકટર જ કરી શકે

### ફકત દવાથી રોગ તમારો નહીં મટે, સંબંધ પણ હું ઉમેરીશ જરા સારવારમાં : ડોકટર

અમરેલી, તા. ૨૯

દર વર્ષે ડો.બિધાન ચંદ્ર રોયનાં જન્મદિવસે અને પૃણ્યતિથીએ ભારતમાં ડોકટર દિવસ ઉજવાય છે. ડો.રોયનો જન્મ ૧ જુલાઈ, ૧૮૮૨નાં કલકતાનાં પટના શહેરમાં થયો હતો. તેઓ પ્રસિદ્ધ ચિકિત્સક હતા. તેમણે કોલકતા શહેરમાં જ પોતાનો મેડીકલનો અભ્યાસ પૂર્ણ કરીને તેમણે એમ.આર.સી.પી અને એફ.આર.સી. ની શિક્ષા લંડનમાંથી લીધી. ૧૯૧૧નાં સમયમાં ભારતમાં ચિકિત્સા તરીકે ફરજ બજાવવાની શરૂઆત કરી. તેઓ પોતાનાં જીવનકાળ દરમિયાન બંગાળ નાં મુખ્યમંત્રી પણ રહી ચુકયા છે. તેમનું મૃત્યુ પણ ૧ જુલાઈ, ૧૯૬૨ નાં રોજ થયું હતું માટે તેમની યાદમાં ભારતમાં ૧૯૯૧નાં સમયમાં ડોકટર દિવસ ઉજવવાની શરૂઆત થઈ હતી. ડોકટરી એક આદર્શ પ્રોફેશન મનાય છે માટે આ દિવસ મેડીકલ ક્ષેત્રમાં નવી સિદ્ધિઓ અને સંશોધનો કરનારા ડોકટરોનાં સન્માન કરવા માટે છે.

ડોકટર જીવન અને મરણ વચ્ચે સંઘર્ષ કરી રહેલાં દર્દીઓની સારવાર કરીને તેમને નવજીવન આપે છે. આ જ કારણોસર તેમને ધરતી પરનાં ભગવાન કહેવામાં આવ્યા છે. કોરોનાકાળમાં જયારે આખા વિશ્વ પર ખતરો આવ્યો ત્યારે ડોકટરો જ આ પરિથતિનો સામનો કરવા સજજ બન્યા હતા. ૨૪ કલાક, ન સહી શકાય એવી પી.પી.ઈ કીટ પહેરીને એ સતત લોકોની સેવામાં રહ્યા હતા. ડોકટર્સ પોતાના પરીવાર જનોની સતત દુર રહીને પુરેપુરી શ્રદ્ધા સાથે દર્દીઓની સારવારમાં જ ધ્યાન આપતા જ રહ્યા



છે. તેમના આ સમર્પણને કારણે જ તેઓ સન્માન પામવા યોગ્ય છે. દવાઓથી તો ફકત રોગોની સારવાર થાય, દર્દીની સારવાર તો એક ડોકટર જ કરી શકે.ડોકટર્સ ટ્રીટ, ગોડ હિલ્સ ફકત દવાથી રોગ તમારો નહીં મટે, સંબંધ પણ હું ઉમેરીશ જરા સારવામા– ડોકટર.

---

# વડેરા ખાતે યોગ દિવસની ઉજવણી



અમરેલી, તા. ૨૯

વડેરા ખાતે ૨૧મી જૂનનાં યોગ દિવસની પ્રાથમિક શાળા અને હાઈ સ્કૂલનાં વિદ્યાર્થીઓ તથા સ્ટાફ દ્વારા ભવ્ય રીતે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી. યોગ શિક્ષક નિલેશભાઈ મહેતા દ્વારા જુદા જુદા યોગ આસનો પ્રાણાયામ અલગ અલગ કસરતો દ્વારા વિદ્યાર્થીઓને સુંદર માહિતી પૂરી પાડવામાં આવી. ઉપરાંત બંને સ્કુલોનાં આચાર્ય દ્વારા પ્રેરક વકતવ્ય આપવામાં આવ્યુ. બંને સ્કૂલોનાં સ્ટાફ સ્ટાફ દ્વારા પણ આ યોગ દિવસની ઉજવણીની શુભેચ્છાઓ પાઠવવામાં આવી.

---

## પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે ડીઆઈજીને પત્ર પાઠવી કરી રજૂઆત

# અમરેલી પંથકમાં દારૂ, જુગાર, રેતીચોરી, ડ્રગ્ઝ, આડેધડ પાર્કિંગ સહિતની સમસ્યાનું નિરાકરણ કરો

### તમામ પોલીસ સ્ટેશનમાં વિના રોકટોક એફઆઈઆર નોંધવા માંગ

અમરેલી, તા. ૨૯

વ્યાજખોરીથી પીડાતા સામાન્ય લોકોને પરેશાની માટે પોલીસ લોકદરબાર યોજો છો તેને આવકારૂ છું. સાથો સાથ અમરેલીમાં દારૂ, જુગાર, આયુર્વેદિક પીણા, ડ્રગ્ઝ અને ગેરકાયદેસર રેતી ખનન પ્રવૃત્તિ દિન–પ્રતિદિન વધતી જાય છે તેનો ભોગ સામાન્ય લોકો અને ગરીબ પરિવાર બનતા જાય છે. નાછુટકે આત્મવિલોપન કરવા અથવા ગેરકાયદેસર પ્રવૃત્તિ તરફ પ્રેરાઈ છે. તે બાબતે પણ સ્થાનિક પોલીસને કડક સુચના થવા રજૂઆત છે. અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પોલીસ લખેલી ગાડીઓ વધારે પ્રમાણમાં જોવા મળે છે હકીકત પોલીસ છે કે કેમ? અને ન હોય તો પોલીસના નામે ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમોને જીણવટપૂર્વક તપાસ કરી આવી થતી પ્રવૃત્તિ ઉપર રોક લગાવવી જરૂરી છે. ગાડી ઉપર ગેરકાયદેસર ખોટા બોર્ડ લગાવવા એ પણ ગુન્હાપાત્ર છે છતાં પણ પોલીસની રોક–ટોક વગર આવી પ્રવૃત્તિ સતત વધતી રહે છે અને તેના કારણે કાયદા વ્યવસ્થાની પરિસ્થિતિ ઉપર અસર થાય છે. તો આવી પ્રવૃત્તિમાં કોણ સંડોવાયેલ છે તેની પણ જીણવટપૂર્વક તપાસ કરી આવી પ્રવૃત્તિ પર રોક લગાવવી જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, અમરેલી શહેર અને ટાઉન પ્લેસમાં ટ્રાફીકની સમસ્યા ભારે મોટી છે તેનું મુળ કારણ હપ્તાખોરી. અમરેલી માણેકપરા શેરી નં. ૫ મોટો રસ્તો છે અમરેલીથી લલીયા રોડ જોડતા મોટા રસ્તા ઉપર ખાસ કરીને લીલીયા ફાટકથી કેરીયા રોડ, સુખનાથપરા મંદિરથી એચડીએફસી સ્ટેશન રોડને જોડતો મહત્વનો રસ્તો, સુખનાથ ચોકથી અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘ સુધીનો મેઈન રસ્તો, ખાદી ભંડાર અને દિલીપભાઈ સંઘાણી ટાઉન હોલ, ખેતી બેંક, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક અને જુના પોલીસ સ્ટેશન પોસ્ટ ઓફિસ પાછળથી કલેકટર ઓફિસ જવાનો મહત્વનો રસ્તો, સ્વામિનારાયણ મંદિરથી રેલ્વે સ્ટેશન સુધી સ્ટેશન રોડ ગણાતો અમરેલી શહેરનો મેઈન રસ્તો, નાગનાથ મંદિરથી એસ.ટી. ડેપો તરફ જતા જિલ્લા પંચાયત



જુના માર્કેટયાર્ડ પાછળનો રસ્તો, રાજકમલ ચોકથી સરદાર પટેલ ચોક તરફ જતો રસ્તો, એસ.પી. કચેરી જતો ચિતલ રોડ, મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલથી સોમનાથ મંદિર જુની રૂપમ ટોકીઝ તરફ જતાં રસ્તા ઉપર આડેધડ પાર્કિંગ મોટા ટ્રકોનું પાર્કિંગ તેમજ નવા બાંધકામનાં રેતી, ઈંટો, બેલા તેના કારણે રસ્તા દબાઈ છે સામસામે આવતા નાના વાહનો પણ સાઈડ આપી શકતા નથી. આવી ટ્રાફિક સમસ્યાને કારણે લોકોને ઓફિસ કામ દરમ્યાન, કોર્ટ કચેરીના કામમાં સમયસર પહોંચવામાં ભારે અગવડ ઉભી થાય છે. ચોમાસાને કારણે ગંદકી વધતી જાય છે તે એક ચોમાસા દરમ્યાન વધારાનું ટ્રાફિકનું કારણ બને છે. પોલીસતંત્ર કડક અને નિયમ પ્રમાણે કાર્યવાહી કરાવે અથવા આ રસ્તા ઉપર વાહનચાલકોને મુશ્કેલી ન પડે તે માટે ધંધા–રોજગાર કરતા લોકોને જાગૃત કરવામાં આવે તો ટ્રાફિકની સમસ્યાઓથી સામાન્ય લોકોની હાલાકી દૂર થઈ શકે તેમ છે. પાન–બીડી ગલ્લા ચલાવતા વેપારીઓને ત્યાં આડેધડ પાર્કિંગ પાન–માવા કે સીગારેટ પીવા ઉભા રહેતા લોકોને કારણે તેમજ તેમની આસપાસ થુંકવાને કારણે ગંદકી વધતી જાય છે તે પણ એક ટ્રાફિક સમસ્યાનું કારણ છે. પાન–બીડી ગલ્લા ધારકોને કડક સુચના આપવામાં આવે, અમદાવાદ, સુરત, મોટા કોર્પોરેશનમાં મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ કમિશ્નર મારફત રોંગ સાઈડમાં ચાલતા અનેક લોકોને પકડીને ગુન્હા દાખલ કરેલ છે તો અમરેલીમાં કેમ નહી? આ બાબતે ગૃહ પ્રધનના અવાર–નવાર પ્રેસનિવેદનો આવે છે પરંતુ અમરેલી તેમાંથી બાકાત છે તેથી અમરેલી ડો. જીવરાજ મહેતાના સપનાનું અમરેલી બને. રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી અમરેલીએ આપ્યા છે ત્યારે નમૂનારૂપ અમરેલી બને. સંતો–મહંતોની ભૂમિનું અમરેલી શહેર, રમેશ પારેખનું અમરેલી પ્રખ્યાત કવિનાં નામ સાથે જોડાયેલું અમરેલી, અમરેલી શહેર મહત્વનું શહરે બને તે માટે પોલીસ તરફથી નિયમ પ્રમાણે કડક કાર્યવાહી અને ગેરકાયદેસર ચાલતી પ્રવૃત્તિમાં આપના વિભાગનાં કોઈ કોન્સ્ટેબલ કે હેડ કોન્સ્ટેબલ તેમજ સરકારી નોકરી કરતા અધિકારીઓ/કર્મચારીઓની મીલીભગત હોય તો પણ તેઓ પણ કાયદાથી પર નથી. કોઈ રાજકીય પદાધિકારી હોય તો તે પણ કાયદાથી પર નથી.

વધારામાં પોલીસ સ્ટેશન ઉપર જઈ અને કોઈને પણ અન્યાય થયો હોય તો એફઆઈઆર નોંધાવવા માટે પોલીસ સ્ટેશનમાં જાય છે તો પ્રથમ તેઓની અરજી લેવામાં આવે છે અને પોલીસને લાગે કે નોંધવી છે તો એફઆઈઆર નોંધતા હોય છે. કોઈપણ જિલ્લા, રાજય કે દેશનો નાગરીક પોલીસ સ્ટેશને ફર્સ્ટ ઈન્ફોર્મેશન આપવા આવે તો પોલીસે એફઆઈઆર નોંધવી ફરજીયાત છે અને તે કોઈ ખોટી એફઆઈઆર દાખલ કરે તો તે પણ ગુન્હાપાત્ર છે તે પ્રમાણે તમામ પોલીસને અવેરનેશ કરવામાં આવે તો ગુન્હાનું પ્રમાણ પણ ઘટી જશે અને પોલીસનો ડર લોકોમાં આવશે. તો નાની–મોટી ગેરકાયદેસર થતી પ્રવૃત્તિ ઉપર બ્રેક આવશે અને તેનો ફાયદો અમરેલી જિલ્લાની જનતાને થશે. તેમ અંતમાં જણાવેલ છે.

---

## આર્થિક સંકડામણની ચિંતામાં પગલું ભર્યુ

# ધારીનાં જીરા ગામનાં રવિભાઈ બોરિસાગર નામનાં યુવકે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

### ઘઉંમાં નાખવાનાં ઝેરી ટીકડા પી લેતા મોત

અમરેલી, તા. ૨૯

ધારી તાલુકાના જીરા ગામે રહેતા મનિષભાઈ નંદલાલભાઈ બોરીસાગર નામનાં વેપારીના નાના ભાઈ રવિભાઈ નંદલાલભાઈ બોરીસાગરને હાલમાં કોઈ પણ કામ ધંધો ચાલતો ન હોય જેથી ઘરમાં આર્થિક સંકડામણ રહેતી હોય. જેથી જીંદગીથી કંટાળી જઈ મનમાં ખરાબ વિચાર આવતા પોતાને લાગી આવતા ગત તા. ૯ના રોજ રાત્રે ૮ વાગ્યે પોતાના ઘરે પોતે પોતાની મેળે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા પી જતા સારવારમાં દાખલ હોય જયાં સારવાર દરમ્યાન રવિભાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

## માંતેલા સાંઢની જેમ દોડતા વાહનો પર રોક જરૂરી

# લીલીયાનાં હાથીગઢ ગામનાં ખેડૂતનું ડમ્પર હડફેટે કચડાઈ જવાથી મોત

### નાસી છુટેલ ડમ્પર ચાલકની શોધખોળ શરૂ

અમરેલી, તા. ૨૯

લીલીયા તાલુકાના હાથીગઢ ગામે રહેતા વનરાજભાઈ નાનજીભાઈ માળવીયા નામનાં ૬૧ વર્ષિય ખેડુતના ભાઈ કાળુભાઈ નાનજીભાઈ માળવીયા (રહે. હાથીગઢ) પોતાનું મોટર સાયકલ નં. જી.જે.–૨૭ એએલ ૧૮૪૪ નું ચલાવીને હાથીગઢથી લીલીયા મુકામે કેડીટ કિશાન મંડળીમાં પૈસા ઉપાડવા ગયેલ અને મંડળીના રૂપિયા લઈને ઘરે પરત આવતા હોય. તે દરમ્યાન ગત તા. ૨૮ના ૧૧:૩૦ વાગ્યાના સમય પહેલા કોઈપણ સમયે કોઈ અજાણ્યા પીળા રંગના ડમ્પર વાહન ચાલકે તેનુ ડમ્પર વાહન પુરઝડપે અને બેફીકરાઈથી માનવજીંદગી જોખમાઈ તે રીતે ચલાવી કાળુભાઈ નાનજીભાઈ માળવીયાના મોટર સાયકલ સાથે અકસ્માત કરી સ્થળ ઉપર મોત નિપજાવી ડમ્પર લઈ નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

## માત્ર 33 વર્ષની વયે અંતિમવાટ પકડી

# અમરેલીનાં તરવડા ગામનાં હરિભાઈ કોરાટનું નિધન થયું

### સોમવારે સવારથી સાંજ સુધી બેસણું યોજાશે

અમરેલી, તા. ૨૯

અમરેલીનાં બિલ્ડર કમલેશ કોરાટનાં નાનાભાઈ હરિભાઈ પ્રાગજીભાઈ કોરાટ (ઉ.વ. ૩૩)નું નિધન થયેલ છે.

સદગતનું બેસણું સોમવાર તા. ૧ જુલાઈનાં રોજ સવારનાં ૮થી સાંજના ૫ સુધી તરવડા ખાતે રાખેલ છે.



---

# અમરેલી : હિંસાથી પીડિત ૧,૩૯૩ મહિલાઓને સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા વિવિધ મદદ પૂરી પાડવામાં આવી

અમરેલી, તા. ૨૯

ભારત સરકાર પુરસ્કૃત, મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર દ્વારા સંચાલિત અમરેલી સખી વન સ્ટોપ સેન્ટર એ અમરેલી જીલ્લા મહિલા અને બાળ વિકાસ કચેરીના માર્ગદર્શન તળે અમરેલી સિવિલ હોસ્પિટલ, પ્રથમ માળ, એઆરટી સેન્ટરની બાજુમાં (૦૨૭૯૨) ૨૨૬૧૭૮ onestopcenteramreli @gmail .com કાર્યરત છે.

હિંસાથી પીડિત મહિલાઓને કાનૂની, પોલીસ, તબીબી, હંગામી ધોરણે આશ્રય સહિતની વિવિધ મદદ ૨૪×૭ પૂરી પાડવામાં આવે છે. હિંસાથી પીડિત હોય તેવી કોઈપણ મહિલાને ૧૮૧ દ્વાશા સેન્ટર પર મદદ પ્રાપ્ત થઈ શકે છે. હિંસાથી પીડિત ૧,૩૯૩ મહિલાઓને અમરેલી સખી વન સ્ટોપ સેન્ટરના માધ્યમથી વિવિધ પ્રકારની મદદ પહોંચાડવામાં આવી છે.

કોઈપણ મહિલા શારીરિક, માનસિક, જાતીય, મનોવૈજ્ઞાનિક, ભાવનાત્મક કે ઘરેલું હિંસાનો ભોગ બની હોય કે તેમના સાથે કોઈપણ પ્રકારનું ગેરવર્તન થયું હોય, તેમનો અનૈતિક વ્યાપાર કરવામાં આવતો હોય તેવી તેવી મહિલાઓને મદદ મળી રહે તે માટે સખી વન સ્ટોપ સેન્ટર કાર્યરત છે, તેમ અમરેલી સદી વન સ્ટોપ સેન્ટરના કેન્દ્ર વ્યવસ્થાપકએ એક યાદીમાં જણાવ્યું છે.

## નરેન્દ્ર મોદી દિલ્હી ખાતે પ્રધાનમંત્રી બન્યા બાદ ગુજરાત રામભરોસે

# ભાજપ સરકારની નિષ્ફળતાથી ભ્રષ્ટાચારનો હાહાકાર

**રાજકોટનાં અગ્નિકાંડની તપાસ સર્પાકાર ચાલીને તેમની મંઝિલ સુધી પહોંચી શકતી નથી**

**રાજયનાં સરકારી વિભાગોમાં ભ્રષ્ટાચાર નામનાં ભોરિંગે ભરડો લીધો**

**રાજયમાં જેને જેમ ફાવે તેમ કરવાનો પીળો પરવાનો મળી ગયો હોય તેવો માહોલ**

**ગ્રામ્ય કક્ષાએથી લઈને પાટનગર સુધી ફેલાયેલ ભ્રષ્ટાચારનાં ચક્રવ્યુહમાં જનતા સપડાઈ ગઈ**

અમરેલી, તા. ૨૯

ગુજરાતમાં સતત ૧૩ વર્ષ સુધી વહીવટીતંત્ર ઉપર જબ્બર પકડ ધરાવનાર નરેન્દ્રમોદી ૧૦ વર્ષ પહેલા પ્રધાનમંત્રી બનતા દિલ્હી ખાતે સ્થાયી થયા બાદ ગુજરાતમાં રેઢીયાળ રાજ જોવા મળી રહ્યું છે અને ભ્રષ્ટાચાર, બેઈમાનની ચુંગ્ગલમાં ગાંધી અને સરદારની જન્મભૂમિ ગુજરાતની જનતા ફસાઈ ચુકી છે.

રાજકોટમાં થયેલ અગ્નિકાંડની તપાસ સર્પાકારે ચાલીને મંઝિલ સુધી પહોંચી શકતી નથી. કૌભાંડીઓને લીલા લ્હેર અને પ્રમાણીક અધિકારીને અપમાનીત થવાનાં દિવસો આવ્યા છે. રાજયમાં કયાં નેતાનાં હાથમાં શાસન છે તે સમજાતું નથી.

રાજય સરકારની બેદરકારી અને ભ્રષ્ટાચારી નીતિ રીતિનાં કારણે રાજયમાં કાયદો-વ્યવસ્થાની હાલત દિનપ્રતિદિન કથળી રહી છે. બુટલેગરો, ભુમાફિયાઓ, ખનિજ માફિયાઓ, ભેળસેળીયા તત્વો, નફાખોરો, સંગ્રહખોરો, માથાભારે શખ્સો અને ભ્રષ્ટાચારી અધિકારીઓને ઘી-કેળા થઈ ગયા છે.

રાજયમાં શિક્ષણ, આરોગ્ય, પરિવહન, બિસ્માર માર્ગો, ગંદકી, રખડતા પશુઓ, આડેધડ દબાણ સહિતની કામગીરી નિયમ પ્રમાણે કરવામાં આવતી ન હોય રાજયની જનતા તોબા પોકારી ચુકી છે.

બીજી તરફ ભાજપમાં ભરતી મેળો થતાં નવા-જુના ભાજપીઓ વચ્ચે કોઈ મનમેળ થતો નથી અને માત્ર હાંકલા-પડકારા જ સંભળાઈ રહ્યા છે. અમુક ધારાસભ્યોને બાદ કરતાં મોટાભાગનાં ધારાસભ્યોની સક્રીયતા જોવા મળતી નથી. રાજયની જનતા ''જાયે તો જાયે કહા''ની પરિસ્થિતિમાં આવી ચુકી છે.

## જુની કડીયાળી માર્ગે થયેલ હત્યાનાં આરોપી ઝબ્બે

# રાજુલાનાં યુવકની હત્યાનાં ગુન્હામાં ૪ આરોપીઓને પોલીસે દબોચી લીધા

**ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસનો સપાટો**



અમરેલી, તા. ૨૯

રાજુલા ગામે જુના કડીયાળી ગામે જવાના રસ્તે હરસુરભાઈ ભરતભાઈ ધાખડાને ગત તા. ૨૪ ના રાત્રીના આશરે સાડા આઠેક વાગ્યાની આસપાસ આરોપી મહમદ ઉર્ફે ઝુબેર હારૂનભાઈ કલાણીયા, અ.લતીફ ઉર્ફે લતીફ હારૂનભાઈ કલાણીયા, શાહરૂખ ઉર્ફે ઝેરી ફારૂકભાઈ સાખાણી તથા મુસ્તાક ઉર્ફે મુસો મહમદભાઈ પાયક (રહે. તમામ રાજુલા) વાળા આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી એક સંપ કરી ગંભીર ઈજાઓ કરતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજેલ હોય. આ બનાવ અન્વયે પ્રસનબેન ભરતભાઈ ધાખડા (રહે. રાજુલા) વાળાએ આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ જાહેર કરતા રાજુલા પોલીસ સ્ટેશન આઈ.પી.સી. કલમ ૩૦૨, ૩૨૩, ૩૨૫, ૩૨૬, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ મુજબનો ગુનો નોંધાયો હતો.

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે ઉપરોકત બનાવ અન્વયે ગંભીર ગુનો કરી, ફરાર થયેલ આરોપીઓને પકડી પાડવા ખાસ ટીમ તૈયાર કરવા સુચના આપેલ હોય.જે અન્વયે સાવરકુંડલા ડીવીઝનના વલય વૈદ્યની રાહદબરી હેઠળ અમરેલી એલ.સી.બી. તથા રાજુલા પોલીસની ટીમો બનાવી ઉપરોકત ખુનનો ગંભીર ગુનો કરી ફરાર થયેલ ચારેય આરોપીઓને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે પકડી પાડવામાં સફળતા મળેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭




## નાયબ દંડક કૌશિક વેકરિયાનાં હસ્તે નવા માર્ગનું થયું ભૂમિપૂજન

# અમરેલીની સિવિલ હોસ્પિટલને વરસડા રોડને જોડતાં માર્ગનો વર્ષો જુનો પ્રશ્ન ઉકેલાયો

**રૂપિયા ૧.૫ કરોડનાં ખર્ચે સીસી માર્ગ બનવાનું શરૂ**



અમરેલી, તા. ૨૯

અમરેલી શહેરનો વર્ષો જુનો પ્રશ્ન અને સિવિલ હોસ્પિટલની પાછળથી પસાર થતો આરોગ્ય વિભાગ હસ્તકનો રોડ અંદાજિત રૂા. ૧.૫ કરોડનાં ખર્ચે નવો બનશે. શહેરીજનોનો વર્ષો જુનો પ્રશ્ન અમરેલીનાં કર્તવ્યબધ્ધ ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરિયાએ ઉકલ્યો છે. શહેરીજનોની વર્ષો જુની માંગણીને ધ્યાને લેતા આ કાચા રોડને ગાંધીનગર ખાતેના પ્રોજેકટ ઈમ્પલીમેન્ટેશન વિભાગ ધ્વારા મંજૂર કરાવી અને નાયબ દંડક વેકરિયાએ શહેરીજનોની માંગણી સંતોષી છે. આ રોડનું શુક્રવારે નગરપાલિકાનાં પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, નગરપાલિકાનાં સભ્યો અને શહેર ભાજપના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ખાતમુહુર્ત સંપન્ન થયું હતું. ૪૬૨ મીટર લાંબો અને ૮ મીટર પહોળો આ રસ્તો તૈયાર થઈ જતા સિવિલની પાછળના ભાગથી વિદ્યાર્થીઓ, એમ્બ્યુલન્સ અને અમરેલીના જગરજનોને આવન જાવન માટે ઉપયોગમાં લઈ શકાશે. હાલ આ કાચા માર્ગમાં ચોમાસામાં પાણી ભરાઈ જતા શહેરીજનોને સમસ્યા સર્જાઈ રહી હતી. આ અંગે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાને અવારનવાર રજૂઆતો મળી હતી જેને યોગ્ય મંચ પર મોકલવામાં આવતા તેનું ઉચ્ચ કક્ષાએથી નિરાકરણ લાવવામાં સફળતા મળી છે. આગામી દિવસોમાં અમરેલીનાં અન્ય પાયાના પ્રશ્નોનું આજ ત્વરાએ નિરાકરણ લાવી અને શહેરીજનોની સુખાકારીમાં વધારો કરવા માટે પ્રયાસ કરવામાં આવશે.

## મકાન બંધ કરીને બહાર જવાનું મુશ્કેલ

# ખાંભાનાં ભગવતીપરા વિસ્તારમાં બંધ રહેણાંક મકાનમાંથી ૩.૩૨ લાખની ચોરી

અમરેલી, તા. ૨૯

ખાંભાના ભગવતીપરામાં આવેલ બી.પી.એલ. વિસ્તારમાં રહેતા ધીરૂભાઈ સીદીભાઈ સોરઠીયા નામનાં વેપારી ગત તા. ૨૪ ના રોજ તેમના દિકરા રાહુલને એપેન્ડીકસની સારવાર કરાવવા માટે થઈ સહપરિવાર કોડીનાર એડવાન્સ હોસ્પિટલમાં દાખલ કરેલ ત્યાં ગયેલ હોય અને ત્યાં હોસ્પિટલમાં એક દિવસનું રોકાણ થયેલ હોય અને વેપારીના ઘરે તાળુ મારેલ હોય અને કોઈ ઘરે હાજર હોઈ નહિ. જેથી ગત તા. ૨૫ ના સવારના આશરે સાતેક વાગ્યાથી તા. ૨૭ ના સાંજના આશરે છ વાગ્યા દરમ્યાન વેપારીના ઘરમાં દરવાજાના નકુચા કોઈ અજાણ્યો ચોર ઈસમે તોડી નાખી ઘરમાં પડેલ તિજોરી તથા કબાટમાં રાખેલ રોકડ રકમ રૂપિયા ૧,૮૦,૦૦૦ તથા સોના-ચાંદીના ઘરેણા કિંમત રૂપિયા ૧,૫૨,૦૦૦ મળી કુલ રૂપિયા ૩,૩૨,૦૦૦ ની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.







ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

માત્ર ૨૦ જ મીનીટમાં...
ફકત ૯.૯૦%ના વાર્ષિક વ્યાજ દરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડ લોન
A.P.C.C.S
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
'પીપલ્સ ભવન', ફુટ માર્કેટ, પ્રથમ માળ, ઈન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી.
કોન્ટેકટ નંબર-૦૨૭૯૨-૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪














# સન્ડે સ્વીટ્સ

અમરેલી એક્સપ્રેસ
તા.૩૦-૦૬-૨૦૨૪

## ફિલ્મી સફર
(એક ઈતિહાસ)

હિતેશ જોષી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ-૧૮૯૧ વર્ષ ૧૯૬૧**

**“મે ઝીંદગી કા સાથ નિભાતા ચલા ગયા ..હર ઝખ્મ કો ધૂવે મે ઊડા.”**

**“અભી ના જાઓ છોડ કર કે દિલ અભી ભરા નહીં ....”**


**પ્રિય વાચક મિત્રો ,**

ફિલ્મી સફરમાં ૧૯૬૧ના વર્ષમાં સફળ કલાકાર દેવ આનંદની ફિલ્મોની વાત ચાલી રહી છે, દેવ સાહેબ સાથે નવી અભિનેત્રીઓ પણ કામ કરી રહી છે, દિલિપ અને રાજ સાથે આશા પારેખ, સાધના, જેવી નવોદિત અભિનેત્રીઓ આવી રહી નથી, પણ દેવ સાથે તેમની જોડી રંગ જમાવી રહી છે, ગત ફિલ્મમાં આશા પારેખ સાથે જોડી જમાવ્યા બાદ આજની ફિલ્મમાં દેવ સાહેબ ડબલ રોલમાં છે, અને નવોદિત અભિનેત્રી સાધના સાથે અને નંદા સાથે જોડી જમાવી છે . સાધના દેવ કરતાં ૧૮ વર્ષ નાના છે,પણ બન્નેની જોડી નવ યુવાન યુગલની અહી છે, આ ફિલ્મ દેવ આનંદના હોમ પ્રોડક્શનની ફિલ્મ છે , છતા ફિલ્મ રંગીન બનાવવામાં આવી નથી, દેવ, દિલિપ અને રાજને લઈ ફિલ્મ બનાવવી એટેલ સફળતાની ગેરંટી હોય છે અને અહી તેમનું જ પ્રોડક્શન છે , છતા ફિલ્મ રંગીન નથી, હા, વાત કરી રહ્યા છીએ, ૧૯૬૧ ની સુપર હિટ ફિલ્મ “હમ દોનો” ની .

હમ દોનો ફિલ્મને ૨૦૧૧ની સાલમાં રંગીન બનાવી ફરી પ્રદર્શિત કરવામાં આવી હતી , પણ ત્યારે




આ ફિલ્મની કહાની પરથી અનેક ફિલ્મો બની ચૂકી હતી , તેથી વધુ સફળતા ૨૦૧૧માં મળીના હતી . ફિલ્મમાં દેવ બન્ને પાત્રોમાં સિગારેટ પીતા દર્શાવ્યા છે, વાસ્તવિક જીવનમાં દેવ શરાબ કે ધુમ્રપાન ન કરતાં ના હતા, પણ તે સમયે સ્મોકીંગ કરતાં નાયક દુર્જન કહવાતાં હતા , જેમ કે ગત અંકની ફિલ્મ રૂપ કી રાની ચોરો કા રાજામાં દેવ એક ચોર હતા , પણ તેને દુર્જન બતાવવા સ્મોકીંગ કરાવાયુંહતું, તે સમયે કોઈ યુવાન બીડી કે સિગારેટનું સેવન કરે તો તે બગડી ગયેલ કેહાવતો હતો, આજે તે સામાન્ય ટેવમાં આવે છે, તે ભારતના યુવાનની દુર્દશા બતાવે છે, આ ફિલ્મમાં નાયક લશ્કરનાં જવાન છે, અને લશ્કરમાં બેરોજગાર યુવાનોને આસાનીથી નોકરી મળી જતી દેખાડે છે, સાથે લશ્કરમાં સિગારેટ અને શરાબ છૂટથી મળે છે, તેવુંચિત્રિકરણ અહી થયેલ છે. આ માન્યતા આજેપણ યથાવત છે, કે લશ્કરમાં શરાબ અનિવાર્ય છે, પણ વાસ્તવિકતા તે નથી, હા , –૧૫ ડિગ્રીમાં લશ્કર ના જવાનને કદાચ તેની જરૂર પડતી હશે, પણ લશ્કરના જવાનો ખુબ જ શરાબ પીતા હશે તે માત્ર માન્યતા છે, શરાબના શોખીનો આજે પણ નિવૃત લશ્કરના જવાનને શોધી તેમની પાસેથી શરાબ લેવાનો આગ્રહ રાખે છે, અરે (પાઈપ) લશ્કરના જવાનને પૂરતી જમીન અને રકમ સરકાર દ્વારા આપવામાં આવે છે, પછી લશ્કરના જવાન નોકરી પૂરી કરી શું શરાબના ગેરકાયદેસર ધંધા કરશે? કેવી હિન વિચાર ધારા લોકોની છે ? .અરે ..ફિલ્મ તો એક બાજુ રહી ગઈ .... ફિલ્મ હમદોનોએ નવ કેતન ફિલ્મ્સના બેનરમાં અમરજીતના નિર્દેશન માં,( દેવનું કેહવું છે કે ફિલ્મનું નિર્દેશન વિજય આનંદે કર્યુ છે) અને તે ફિલ્મ જોતાં દેખાઈ પણ આવે છે, જયાં ચેતન અથવા વિજયનું નિર્દેશન છે તેવી ફિલ્મોમાં દેવ સખણા રહ્યા છે, ના ખોટી હિલચાલ, ના ઓવેર અક્ટિંગ, અહી પણ દેવના યાદગાર પાત્રો પૈકીના એક તેવા પાત્રો દેવે ડબલ રોલમાં નિભાવ્યા છે, ત્યાં સુધી કે તે સમયથી લઈ આજની યુવતીઓની હેર સ્ટાઈલ જેની પ્રખ્યાત છે, તે સાધના અહી સિમ્પલ વેશભૂષામાં દેખાય છે, વિજય આનંદની સ્કીન પ્લે, સંવાદ, નિર્મળની કહાની , વી રાતરાની સિનેમા ઓટો ગ્રાફી , ધર્મવીરનું એડિટિંગ, સાહિર લૂધ્યાનવી ના ગીતો અને જયદેવના યાદગાર સંગીત સાથે, દેવળ આનંદ ( ડબલ રોલ), નંદા, સાધના, લલિતા પવાર, ગજાનન જાગીરદાર , જગદીશ રાજ, રશિદ ખાન, લીલા ચિટનીસથી અભિનીત આ ફિલ્મ વર્ષની ત્રીજા નંબરની સફળ ફિલ્મ રહી હતી . ફિલ્મના ગીતોમાં રફી સાહેબ અને આશાજીના માદક સ્વરમાં ‘ ‘અભી ના જાઓ છોડ કર કે દિલ અભી ભરા નહી ..” માં આશાજીના માદક સ્વરે અલગ અંદાઝ આપ્યો છે, જે નવ યુવાનના દિલને જંજોડિ જાય છે, ફિલ્મના સાહિરના શબ્દો “અધૂરી આસ છોડ કે, અધૂરી પ્યાસ છોડ કે, જોરોજ યુહી જાઓગી , તો કિસ તરહ નિભાઓગી , કી ઝીંદગી કી રાહ મે જવા દિલો કી ચાહ મે , કઈ મકામ આયેંગે જો હમ કો અજમાયેંગે ..” એ પ્રેમી યુગલોની મનોવ્યથા રજૂ કરી જાય છે. તો રફી સાહેબના સ્વરમાં “ મે ઝીંદગી કા સાથ નિભાતા ચલા ગયા ..” હર ઝખ્મ કો ધૂવે મે ઉડાતા ચલા ગયા .. બરબાદીઓ કા શોગ મનાના ફિઝૂલ થા , બરબાદીઓ કા જસ્ન મનાતા ચલા ગયા .. અને ગમ એર ખુશી મે ફર્કના મેહસૂસ હો જહાં .. મે દિલ કો ઈસ મકામ મે લાતા ચલા ગયા .. જે આજના પણ સામાન્ય માનવીની વેદના રજૂ કરે છે. ફિલ્મની કહાની જોઈ એ તો , દેવ અહી ડબલ રોલમાં છે તેથી ફિલ્મના પાત્રોના નામથી ઉલ્લેખ કરીશું . આનંદ સાધનાને ચાહે છે, સાધના ધનવાન જાગીરદારની પુત્રી છે, આનંદ એક શિક્ષિત બેરોજગાર યુવાન છે, સાધનાના પિતા આનંદને સારી નોકરી અને સમાજમાં સ્થાન મેળવાનું મેણું મારે છે, અને આનંદ લશ્કરમાં તેની માતા લીલાને એકલી છોડી ભરતી થઈ જાય છે, જાગીરદારને આનંદની આ વાતથી ખુશી થાય છે, અને તે સાધનાની ઈચ્છા મુજબ તેને આનંદના ઘરે તેની માતાની દેખભાળ માટે રેહવાની મંજૂરી આપે છે, સાધના




સમાજની પરવા કર્યા વગર, આનંદના ઘરે તેની માતા પાસે રેહવા આવી જાય છે. આનંદની મુલાકાત લશ્કરમાં તેના હમ શકલ મેજર વર્મા સાથે થાય છે, બન્ને દોસ્ત બની જાય છે, મેજર વર્મા આનંદને તેની માતા લલિતા અને પત્ની નંદા વિષે ઘણી વાતો કહે છે, આનંદ પણ તેની અને સાધનાની પ્રણય કથા વિષે વાત કરે છે, તેવામાં યુદ્ધ જાહેર થાય છે, અને યુદ્ધમાં મેજર વર્માના પગે ગોળી લાગી જાય છે, તે આનંદને બચાવવા તેને અને બીજા જવાનોને લશ્કરી વડાના હોદાનો ઉપયોગ કરે છે, મેજર વર્મા આનંદ પાસે તેની ગેરહાજરીમાં તેના પરિવારની જવાબદારી સોપી દે છે.

યુદ્ધ પૂઢં થાય છે, પણ મેજર વર્મા ગાયબ થઈ જાય છે . તે વાત લલિતા અને નંદાને પડે છે, નંદા માનસિક રીતે ટૂટી જાય છે, બીજી તરફ આનંદ તેના ઘરે જાય છે, અને સાધનાની તપસ્યા જોઈ અને તેની માતાની ગેરહાજરી જોઈ અવાચક થઈ જાય છે, તેને મેજર વર્માના પરિવાર વિષે વિચાર આવે છે, તે તેમના ઘરે જાય છે, ત્યાં મેજર વર્માની માતા લલિતા અને નંદાતેને મેજર વર્મા સમજી લે છે, બન્નેના ચહેરાની ખુશી આનંદને સત્ય જાહેર કરવા દેતી નથી .

નંદાના ડોક્ટરને આનંદ સત્ય કહે છે, કે તે આનદ છે, ત્યારે ડોક્ટર કહે છે કે નંદાને હ્રદય રોગનો હુમલો આવી ગયો છે, અને બીજો આઘાત તેનો જીવ લઈ લેશે. આનંદ સમયની રાહ જોઈ તે સમયે મેજર વર્માના ઘરમાં મેજર વર્મા બની રહે છે. પણ સાધના તેને અને નંદાને એક સાથે જોઈ જાય છે, સાથે નંદા આનંદને સાધના સાથે જોઈ જાય છે, અને બન્નેને ગેર સમજ થાય છે. પણ આનંદ કશું કરી શકે તેમ નથી, તેવા સંજોગોમાં મેજર વર્મા જીવિત નીકળે છે, અને તે આનંદને તેની પત્ની સાથે જોઈ તેને દોષિત માને છે, અને તેને મારવા પ્રયત્ન કરે છે, પણ આનંદ જયારે તેને સત્ય કહે છે ત્યારે, મેજર વર્મા એક અપંગ જીવન સાથી નંદા પસંદ નહીં કરે તે તને ખુશી નહીં આપી શકે તેવું કહી નંદાને અપનાવી લેવા કહે છે, પણ આનંદ તેની અને સાધનાની વ્યથા પણ જાહેર કરે છે, અંતે આનંદ નંદા અને સાધના અને મેજર વર્માને એક મદિરે એકઠા કરે છે, અને નંદાને તે તેનો પતિ નથી , અને તેનો પતિ અપંગ હોય તો એ સ્વીકારશે તેવો પ્રશ્ન કરે છે, અને નંદા કહે છે, કે પ્રેમમાં શરીર કરતાં આત્માનું જોડાણ વધુ હોય છે,અને તેનો જવાબ સાંભળી મેજર વર્મા અને નંદા અને આનંદ અને સાધના એક થાય છે. ફિલ્મમાં લડાઈના દ્રશ્યોની જમાવટ છે, ફિલ્મ સફળ રહી હતી.

દેવ આનંદ અને માલા સિંહાની સફળ ફિલ્મ માયા વિષે વાત કરીયે, ડી ડી કશ્યપના નિર્દેશનમાં, અને લાઈટ ઓફ એશિયા ફિલ્મના બેનરમાં, ડી ડી કશ્યપની સ્કીન પ્લે, સંવાદ, અનંત અપ્ટેનું એડિટિંગ, મજરૂહ સુલ્તાન પૂરીનાં ગીતો અને સલિલ ચેધરીના મધુર સંગીત સાથે, દેવ આનંદ, માલા સિંહા, લલિતા પવાર, સુદેશ કુમાર, મુબારક મર્ચન્ટ, આગા, સુંદર, હેલેન, કૃષ્ણ ધવન, નિરંજન શર્મા, બ્રહ્મ ભારદ્વાજ, જયંત નાના પલસીકર અને અમજદ ખાનથી અભિનીત આ ફિલ્મ સફળ રહી હતી, અમજદ ખાનએ જાણીતા કલાકાર જયંતના પુત્ર છે, અગાઉ પણ તેમણે બાલ કલાકાર રૂપે ફિલ્મ બુટ પોલીસમાં કામ કર્યુ હતું ,

અહી અમજદ ખાનએ તઢણ અવસ્થાના ખલનાયકના રૂપે જોવા મળે છે. ફિલ્મ આગામી વર્ષની ફિલ્મ અસલી નકલી સાથે સામ્યતા ધરાવે છે, તે સમયે પણ ફિલ્મની કથા ચોરી લઈ વેહલી ફિલ્મ પ્રદશિત કરવાનું ચલણ હતું. તે દેખાઈ આવે છે. ફિલ્મ માયાની કથા ગીતો અને રાજ કપૂરની સફળ ફિલ્મ સાથે આગામી અંકમાં મળીશું. આભાર

## કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણૂં (OBESITY)-ભાગ

### તાંબુલ ભક્ષણ :


ડો. ભાવેશ કે. મહેતા
અમરેલી

આપણે ભોજન બાદ તાંબુલભક્ષણ (પાન ખાવું) કરીએ છીએ. બહુ પ્રાચીન સમયથી આ રિવાજ આપણે ત્યા પ્રચલીત છે. ધન્વતરી નિઘંટૂમા તાંબૂલના ગુણ નીચે મુજબ આપેલા છે

તામ્બૂલ કટતિકતમૂષણમધુર 'ક્ષાર' કષાયનચીનતમ ॥ વાતઘ્ન કફનાશક' કૃમિહર' દુર્ગધનીનારસનમ ॥
વકત્રસ્યાભારણ ' વિશુદ્ધિકરણ' કામાગનીસદ્રીપનમ તાંબૂલસ્ય સખે ॥ ત્રયોદ્રશગુણાઃ સ્વરગેડપી તે દુર્લભ :॥

અર્થાત, નાગરવેલનું પાન સહેજ તીખું અને કડવું છે, ઉષ્ણ છે, મધુર છે, ક્ષારયુક્ત છે, કષાય રસયુક્ત છે, વાયુને હરનાર છે, કફનો નાશ કરનાર છે, ક્રુમિને હરનાર છે, દુર્ગંધીનો નાશ કરનાર છે. પાનએ તો મુખનુ આભરણ (શોભા) છે. પાન મોંને સાફ રાખનાર છે અને કામાગ્નિને પ્રદિપ્ત કરનાર છે. હે મિત્ર ! નાગરવેલ ના પાનમાં સ્વર્ગમાં પણ દુર્લભ એવા તેર ગુણો છે.

પાનમાં એક જાતનું સુવાસિક ઉડનારૂ તેલ છે. આ તેલને લીધે પાન ઉતેજક છે અને જ્ઞાનતંતુઓને સતેજ બનાવનાર છે. આ ઉપરાંત પાનમાં ડાયેસ્ટેસ નામનો સ્ટાર્ચ – પાચક




**નાગરવેલ ના ફાયદા**

➤નાગરવેલનું પાન રુચિ ઉપજાવનાર, ઝાડો સાફ લાવનાર,પિત કરનાર, બળ વધારનાર, કફનાશક અને મોંની દુર્ગંધ દૂર કરનાર તથા થાક દૂર કરે છે.
➤તેમાં એક જાતનું સુગંધિત દ્રવ્ય રહેલું છે જે મોં ને ચોખ્ખું કરે છે, દાંતમાં સડો થતો અટકાવે છે અને પાચન માટે જરૂરી પાચક રસોનો સ્ત્રાવ કરે છે.
➤નાગરવેલના પાનમાં અડધી ચમચી મધ અને હળદર અને આદુનો એક ટુકડો મૂકી ખૂબ ચાવીને દિવસમાં ત્રણ-ચાર વાર ખાવાથી શરદી અને સળેખમ ઉધરસ જેવા કફના રોગો મટે છે.
@TheAyurvedam

રસ છે. ડાયસ્ટેસ સ્ટાર્ચઘટિત ખાધ્ય પદાર્થોને પચાવનાર છે. લાલાસ્ત્રાવમાં આ છે અને લાલાસ્ત્રાવ સ્ટાર્ચને પચાવવામાં ખુબ જ ઉપયોગી છે આ ડાયસ્ટેસને લીધે સ્ટાર્ચ જલદી પચી જાય છે એ તો હવે અનેક અખતરાઓને અંતે પુરવાર થયેલું છે. આપણા ખોરાકમાં મુખ્યત્વે સ્ટાર્ચઘટિત (લોટ, ભાત, બટેટા) જ છે એ આપણે યાદ રાખવું જોઈએ. સ્ટાર્ચવાળા ખોરાકને પચાવવામાં લાલાસ્ત્રાવ અતિ અગત્યનો ભાગ ભજવે છે અને આથી જ ખોરાક ખુબ ચાવીને ખાવો જોઈએ.

ખાધા પછી દાંતની ફાટોમાં



સ્ટાર્ચની કણીઓ પેસી ગઈ હોય છે આપણે જે મુખવાસ ખાઈએ છીએ તેમાં સુગંધી તેલ હોય છે તેની સુગંધને લીધે તેમજ ખુશબોથી લાલાસ્ત્રાવનું પ્રમાણ વધે છે. તેને લીધેએ સ્ટાર્ચકણીઓ પચી જાય છે.

**પાન ના ગુણ :** તાજાં પાન ઉતમ, દીપનપાચન, કફઘ્ન, શોથઘ્ન, વેદનાસ્થાપન અને વ્રણરોપણ છે. પાનનો રસ બહુ જ જલદ પુતિહર છે. આ રસ કાર્બોલિક એસિડ કરતાં પાંચગણા જંતુઘ્ન છે.

આધુનિક મેડીકલ સાયન્સ મુજબ, the beter-chewer experiences a feeling of well-being. He is in good humour and gay; his boredom disappears, his feeling of thirst and hunger is appeased, and his sexual impulses are said to augmented.

**અર્થાત,** પાન ખાનાર એક જાતની તાજગી અનુભવે છે. તે આનંદમાં આવી જાય છે. તેનો શોક – ગ્લાની ઉડી જાય છે, તેની ભૂખ અને તરસની લાગણી શાંત થઈ જાય છે અને તેની રતિવાસના પ્રબળ થાય છે.**કાથો, ચુનો અને સોપારી :** આ ત્રણ પાનમાં મુખ્યત્વે આપણે વાપરીએ, જેમાં કાથો (ખદિરસાર)કફ અને પિતનો નાશ કરનાર છે, ચુનો કેલ્શિયમની પુર્તિ કરે છે અને સોપારી રૂચીકર છે.

**મર્મ સ્થાન :** તાંબુલ ભક્ષણ અંતર્ગત આપણે છેલ્લા ત્રણ સપ્તાહથી પાનની ચર્ચા કરીએ છીએ, આ લેખ લખવાનો મુખ્ય હેતુ સમાજમાં અને ખાસ કરીને આપણા વિસ્તારમાં જે હદે તમાકું ( માવા ) ખવાય છે તેનાથી જાગ્રુત કરવાનો છે, મારૂં સાસરૂ મહેસાણા છે, મારે સોડા પીવી હોય તો આખા મહેસાણામાં આંટા મારૂ ત્યારે એકાદ નાની એવી પાનની કેબીન દેખાય, જયા કદાચ સોડા મળી જાય, અમરેલીનો કોઈપણ વિસ્તાર લઈ લો જયા પાનની દુકાન જ નહી તમને પાનના મોલ હોય તેવડી મોટી દુકાનો જોવા મળશે અને કોઈપણ પાન વાળા, નવરા નહી હોય એટલા ગ્રાહક તેમને ત્યા હોય છે અને આમાના મોટા ભાગના માવા ખાવા વાળા જ હોય, આપણી કમનસીબી એ છે કે માવાને આપણે વ્યસન ગણતા જ નથી અને એ બેડમેંનર્સમાં આવતુ નથી, મોટા ભાગના ઘરોમાં બાપ – દિકરા સાથે બેસીને માવા ખાતા આપણે જોયા છે, હુ એક મંદિરમાં ગયોત્યા મંદિરના પુજારીએ મને અટકાવ્યો મને કહે તમે આ ચામડાનો પટ્ટો પહેર્યો છે એ કાઢી નાંખો પછી જ મંદિરના ગર્ભગ્રુહમાં પ્રવેશો, મને તેની વાત સાચી લાગી એટલે ત્યાર પછી હું જયારે મંદીર જાવ પટ્ટો કાઢીને જ જાવ છું, પણ એ મંદિરમાંથી બહાર નીકળતા મે જોયુ તો પુજારી બહાર ઓટલા ઉપર બેઠા – બેઠા માવો ચોળતા હતા, આ પુજારીને હું વર્ષોથી ઓળખુ છુ તે ખુબ જ પવિત્ર અને ભગવાન પ્રત્યે સંપુર્ણ સમર્પિત અને કળીયુગ વગરના છે, થોડા સમય પહેલા તેના ગોઠણના દુખાવા માટે મારી પાસે દવા લેવા આવ્યા, મે તેને સહજ જ વાત કરી કે આપે મને મંદિરમાં પટ્ટો પહેરી આવતા અટકાવ્યો એ સારૂ કર્યુ, કારણ મને ખબર જ ન હોતી કે ચામડાનો પટ્ટો મંદિરના ગર્ભગ્રુહમાં મારે નો પહેરવો જોઈએ, મે પુજારીને કહ્યુ તમને એક વાત કહું તમે આટલા સરળ છો તો તમને આ તમાકુંની ટેવ કયાંથી પડી ગઈ ? મેં તમને મંદિરે માવો ખાતા જોયા હતા. ત્યારે પુજારી બીજું કાંઈનો બોલ્યા અને દવા લઈને ચાલ્યા ગયા, મને એવું લાગ્યુ કે આ માવાની વાત મે જે કરી તે તેને ગમી નથી લાગતી, થોડા દિવસ પછી મે મંદિરે જોયુ કે બહાર એક બોર્ડ મારેલુ હતુ કે કોઈએ પાન – માવો ખાઈ મંદિરના ગર્ભ ગ્રુહમાં પ્રવેશ કરવો નહી, અનેપાન – માવો ખાધો હોય તો બહાર પાણીની ડોલ રાખી છે ત્યાં કોગળા કરી, મોઢું ચોખ્ખું કરીને જ મંદિરમાં પ્રવેશવું.

આ ઘટના ના એકાદ મહીના પછી પુજારી પાછા, દવા લેવા આવ્યા આવીને સીધા મને નમન કર્યા અને તેની આંખામાંથી આંસુ જાવા લાગ્યા, મને કહે સાહેબ ઘણા સમયથી મારે આ માવાની ટેવથી દુર થાવું તુ પણ માવા મુકાતા નહોતા, તે દિવસે તમે મને માવો ખોતા જોયાની વાત કરી ત્યારે મને સમજાઈ ગયુ હતું કે તમે મને કહેવા માંગો છો કે હું ચામડાનો પટ્ટો પહેરી મંદિરમાંનો જઈ શકુ પણ તમે મંદિરે માવો (તમાકું) ખાવ છો તે કેટલે અંશે યોગ્ય છે ? ત્યાર પછી મને એવું લાગ્યુ કે મારો ભોળાનાથ તમારા દ્વારા મારી આ ટેવ મુકાવા માંગે છે, એટલે એ દિવસે સાંજની આરતી પછી નક્કી કર્યુ કે જે દિવસે માવો ખાઈશ મંદિરે નહી જાવ, આમ મારે માવો અને મંદિરમાંથી એકને પસંદ કરવાનું હતુ તેમા ભોળાનાથે મને મંદિર પસંદ કરાવ્યુ અને મારી વર્ષોની માવાની ટેવ મુંકાઈ ગઈ અને હવે નક્કી કર્યુ છે કે મંદિરે કોઈને પાન – માવો ખાઈને નહી આવવા દવ.. વ્યસન ધરાવતી વ્યક્તિને જયારે અમે પુછીએ કે આ માવા શું કામ ખાવ છો ? ત્યારે મોટા ભાગે દર્દીઓ એવું કહે છે કે પાચન થતું નથી, કબજીયાત – ગેસ રહે છે એટલે માવા ખાઈ છીએ, અમુક દર્દી કહે છે આખો દિવસ એટલું કામ અને ટેન્શન રહે છે એટલે વ્યસન કરવું પડે છે, મારા એક ખુબ સારા મિત્ર જેનું સામાજીક ક્ષેત્રે ખુબ સારૂ નામ છે એક જવાબદાર દિકરા – પતી – ભાઈ – પીતા અને મિત્રની ફરજ નિભાવે છે તેવા મારા મિત્રે મારા કહેવાથી માવા બંધ કર્યા હતા જેનું ઉદાહરણ હું મારા તમામ વ્યસન વાળા દર્દીની આપતો હતો, થોડાક સમય પહેલા ખબર પડી કે પાછા માવા શરૂ કર્યા છે, એટલે મે જાણવાનો પ્રયત્ન કર્યો કે પાછા કેમ માવા શરૂ કર્યા ? ત્યારે ખબર પડી કે મિત્રને થોડા દિવસ પહેલા હાઈપર ટેન્શન અને હૃદયની તકલીફ થઈ એટલે તેના અમુક મિત્રોએ એવું કહ્યુ કે તે આ માવા બંધ કર્યા છે એને લીધે તને આવું થયુ છે, પાછા માવા ખાવા માંડ એટલે તને સારૂં થઈ જશે ! મોટાભાગે વ્યસનમાં આપણું સર્કલ જ જવાબદાર હોય છે તેવું મારૂં માનવું છે.

**હર્બલ માવો :** જે લોકોને વ્યસન મુકવું છે તેના માટે એક અનુભુત હર્બલ માવો તૈયાર કર્યો છે જેમાં સોપારી, શેકેલી વરીયાળી, અજમાનો કરકરો પાવડર, જેઠીમધનો પાવડર, હરડેના ટુકડા, નાગરવેલના પાનના ટુકડા, એલચી અને લવીંગ નાખી આ માવો બનાવવો જયારે ઈચ્છા થાય ત્યારે આ માવો ખાતા રહો એનાથી ગેસ, કબજીયાત દુર થશે, મોંની દુર્ગંધ દુર થશે અને ખાવા પર રૂચી થશે અને માવો ખાવાની ઈચ્છા નહીં થાય.

**મર્મ બિંદુ:** આપણા ખોરાકમાં ઝેર ( કેમીકલ ) ભળીગયુ, શ્રધ્ધામાં અંધશ્રધ્ધા ભળી ગઈ, હવામાં પ્રદુષણ ભળી ગયુ અને પાનમાં તમાકું ભળી ગઈ...

## આંતરધર્મીય લગ્ન આવકાર્ય કે ?

### વિસામો

વૃંદા ચિંતન મહેતા
રાજુલા
મો.૯૪૨૮૯ ૯૨૯૪૯



સોનાક્ષી સિન્હાએ ઝહીર ઈકબાલ સાથે કરેલા આંતર ધર્મીય લગ્નએ હમણાં સોશિયલ મીડિયા પર ખૂબ મરીમસાલા સાથે હોટ ટોપિક બની ગયો છે. લગભગ દરેક સોશિયલ પ્લેટફોર્મ પર સોનાક્ષી સિન્હાનાં લગ્ન સુરખીઓમાં રહ્યા છે. સોનાક્ષી સિન્હાનાં આંતરધર્મીય લગ્નએ કંઈ સૌ પ્રથમ ઘટના નથી. સોનાક્ષી સિન્હા પેહલા પણ કરીના કપૂર, શર્મિલા ટાગોર, ગેરી ખાન, સૂઝેન, મલાઈકા વગેરે અભિનેત્રીઓએ આંત્તધર્મીય લગ્ન તો કર્યા છે. તો આપણે સોનાક્ષીને શા માટે ટ્રોલ કરીયે છીએ. જેમ હિન્દૂ અભિનેત્રીએ આંતરધર્મીય લગ્ન કર્યા છે, તેમ હિન્દુ અભિનેતાઓ કિશોર કુમાર, દિલીપ કુમાર, સુનિલ દત્ત, કુનાલ ખેમું પણ આંતરધર્મીય લગ્ન કર્યા છે. તો સોનાક્ષી અને ઝહીર ઈકબાલને આપણે કેમ કેન્દ્ર સ્થાને મુકયા છે ? મારો પ્રશ્નએ છે કે, સોનાક્ષીએ કરેલા આંતરધર્મીય લગ્ન આપણા સમાજ અને આપણી ભાવિપેઢી માટે કેટલા અંશે આવકાર્ય છે ? તેણે કરેલા આંતરધર્મીય લગ્ન આપણી નવી જનરેશનને શું મેસેજ આપે છે ? કે, આપણે આંતરધર્મીય લગ્ન કરવા જોઈએ ?.. તો મારાં મતે તો :–‘સોનાક્ષી સિન્હાએ કરેલા આંતરધર્મીય લગ્નએ સોનાક્ષીનો વ્યક્તિગત નિર્ણય છે. તેથી આપણે પણ આંતરધર્મીય લગ્નની ફેવર કરવા લાગ્યે તેં યોગ્ય નથી – અને આવકાર્ય પણ નથી.‘સોનાક્ષી સિન્હાએ આંતરધર્મીય લગ્ન કર્યા, એટલે આપણે પર કરાય તેવુંનાં હોવું જોઈએ !

મિત્રો.. સોનાક્ષીએ આંતરધર્મીય લગ્ન કરવા હોય તો કરે – પણ આપણાં ઘરમાં રહેતી સોના કે સાક્ષીને આંતરધર્મીય લગ્ન કોઈપણ સંજોગોમાં પરવડી શકે નહીં, કરવા પણ ના જોઈએ ! મિત્રો ગ્લેમરની દુનિયા ખૂબ ચકાચોંદવાળી છે. જેવી રીતે ફિલ્મોનું આંધળું અનુકરણ કરવાનું ના હોય, એવી રીતે અભિનેત્રીની જીંદગીનું અનુકરણ પણ ના જ કરવું જોઈએ. સોનાક્ષી સિન્હા, કરીના કપૂર, શર્મિલા ટાગોરની જીંદગી અને આપણી વાસ્તવિકતા સરખી હોતી નથી ! હિરોઈનની પોતાની લાઈફ એકદમ અલગ હોય છે. આપણને દેખાય તેં બધું જ સોનુ નથી હોતું. અને દેખાય તેટલું સીધું પણ નથી હોતું ! અભિનેત્રીઓનાં અનુકરણ કરનારા પોતાની જીંદગી તબાહ કરી નાખતા હોય છે. પ્રેમની ભાષા યુનિવર્સલ હોય શકે – પણ લગ્નની ભાષા યુનિવર્સલ હોતી નથી, એને યુનિવર્સલ બનાવી શકાતી પણ નથી ! પ્રેમ ભલે જાત – પાત – નાત – ધર્મ જોતો નથી પણ – લગ્નમાં જાત – પાત – નાત – ધર્મ આ બધું જોવાતું હોય છે !!



ત્યારે આપણને પ્રશ્ન થાય છે કે, આપણે કેન્દ્ર સાથે કોને રાખવો જોઈએ પ્રેમને કે ધર્મને ? ત્યારે આપણને પેહેલી પંક્તિ યાદ આવી જાય કે ‘જગ મેં સબસે ઊંચી પ્રેમ સગાઈ.. ‘પરંતુ મિત્રો જીવનમાં જયારે લગ્ન જેવા ગંભીર વિષય હોય, ત્યારે આપણે હંમેશા આપણા ધર્મ વિશે પણ એક વિચાર અવશ્ય કરવો જોઈએ. કારણે આપણી ઘણી દીકરીઓને લાગે કે પ્રેમ લગ્ન પછી બધું જ એકજેટ કરાવી દેશે, પરંતુ તેં વાસ્તવિકતામાં મુકાય પછી ભૂલ ભરેલું નિવડતું હોય છે. આંતરધર્મીય લગ્નની ચેલેન્જીસ બહુ જુદી અને ભયાવહ હોય છે. બે હાથ જોડીને કરાતી પ્રાર્થના અને બે હાથ ખોલીને કરાતી બંદગી આ બંનેમાં બહુ ફર્ક છે ! ઘણી દિકરીઓ પ્રેમમાં પડયા પછી એવું માની લે છે કે – પ્રેમ બધા એકજેસ્ટમેન્ટ કરાવી લેશે ! પણ ઈચ્છેલા બધા જ એકજેસ્ટમેન્ટ લગ્નમાં સફળ થઈ શકતા નથી – એ સ્વીકારવી પડે એવી વાસ્તવિકતા છે ! જે માહોલ, જે રીત – રિવાજો વચ્ચે તમે મોટા થયા હોવ એ રીત – રિવાજો જડમૂળથી બદલાય જાય તો જીવવું મુશ્કેલ બની જતું હોય છે. શરૂ – શરૂમાં બધું સારૂ લાગે, મજા આવે – કીક વાગે પણ પછી ધીમે ધીમે પગ નીચેથી જમીન સરકી જાય એવું પણ બની શકે !

મિત્રો, બહુ ઓછા આંતરધર્મીય લગ્ન સફળ નીવડતા હોય છે. તેમાં પતિ – પત્ની અને તેમના સંતાનો માટે ખૂબ ચેલેન્જ હોય છે. આંતરધર્મીય લગ્નમાં લાલ પાનેતર – લાલ ચાંદલો – લાલ ચૂડલો – લાલ અલતો લગાવીને આવનાર નવોઢાને બધા જ પતિ – સમાજ – પરિવાર સ્વીકારી શકતા નથી. તેંઓ પોતાની પરંપરા પ્રમાણે પોતાના જ પોશાકમાં કોઈ આંતરધર્મીય છોકરીને પોતાની ભાવિ બેગમ – દુલ્હન કે પુત્રવધુ તરીકે સ્વીકારતા હોય છે. કોઈક છોકરો અને તેનો પરિવાર જ નિકાહને બદલે લગ્નનાં સાત ફેરાને સ્વીકારી શકતો હોય છે.. **મારાં ખ્યાલ પ્રમાણે :–** મિત્રો માણસ બધું છોડી શકે પણ એની જાતના છોડી શકે ! સદીઓ બદલાય પણ પૂર્વજોએ કહેલું આ વાકય નહીં બદલાય ! ઉપરથી નીચે હેઠાં પડો તો પણ તમારી અંદર વહેતું લોહી, તમારા જીન્સ તમને કે તમારા વર્તનને બદલી શકતા નથી ! આપણે દેખાવ બદલી શકીએ, વિચાર બદલી શકીએ – સંબંધો બદલી શકીએ પણ આપણે આપણો ધર્મ બદલવો જોઈએ નહીં ! બદલી શકીએ પણ નહીં !!! આંતરધર્મીય લગ્નએ સોનાક્ષીનો અંગત નિર્ણય છે – પણ સોનાક્ષીનાં નિર્ણયને આધારે આપણે આંતરધર્મી લગ્નની ફેવર કરવા માંડીએ – તો એ યોગ્ય નથી ! જોકે સોનાક્ષી સિન્હા કંઈ પોતાનો ધર્મ છોડીને કોઈ બીજા ધર્મનો અંગીકાર કરવાની પણ નથી. અને તે પોતાનો ધર્મ અનુસરવાની પૂર્ણ સવલત મળી છે. આવી સવલત બધાને મળી રહે તેં પણ જરૂરી નથી. આપણે જો ધર્મ કરતા પ્રેમને અગ્રસ્થાન આપીયે છીએ, ત્યારે બધા જ લોકો ખરાબ પણ નથી હોતા, અને બધા સારા પણ નથી હોતા, અને ખરેખર જ બધા લોકો એકસરખા નથી હોતા.. ત્યારે પ્રશ્ન થાય છે કે આંતરધર્મીય લગ્ન આપણા ભવિષ્ય માટે કેટલા અંશે આવકાર્ય છે કે ?

## દાંપત્ય : સંગચ્છધ્વમ

જીવનને સરિતા સાથે સરખાવો તો તેનું રહેવું એ સમાંતર તો નથી. સમજણ પણ નથી અને એ વણાકો કે જયાં જે અલગ અલગ ઘાટને સ્પર્શીને તે આગળ વધે છે તે ખૂબ જ મહત્વનાં અને ઘણીવાર ચિંતનાત્મક બની રહ્યાં છે, રહેતાં હોય છે. તેમાં જીવનનો એક ઘાટ લગ્નગાંઠ ગણો. બધા ધર્મ, પ્રદેશ કે પછી કોઈ બીજી વ્યવસ્થામાં તેની પદ્ધતિમાં ફેર હોય શકે પરંતુ આખરે બંને વ્યક્તિઓએ સાથે જીવવા માટે જે વચનબદ્ધતા વ્યક્ત કરવાની છે. તેનો આ એક એવો મજબૂત કરાર દિવસ છે. જયાં જીવનનાં તીખા, મીઠા, તુરા વગેરે લગભગ સ્વાદને પચાવી પચાવીને ફરી ઊભું રહેવાનુંછે. નથાકવાનું, નહારવાનું, નવિખરાઈ જવાનું છે. બસ જોડાતાં જ જવાનું. ઋગ્વેદનો એ શ્લોક ‘સંગચ્છધ્મ’ એટલે કે સાથે ચાલીએ, સાથે જઈએ. ‘સંવધમ’’ સાથે બોલીએ અને’ સવો મનાસી જાનતામ’ એટલે કે મનથી એક રહીએ. આખરે ‘દેવો ભાગમ યથા પૂર્વે સજનાના ઉપાસતે ‘તેથી જ દેવો વંદનીય થયાં હતાં. એક અદભુત અને એવો સંદેશ કે જે યુગો પહેલાં કહેવાય ગયો છે. પરંતુ આજે પણ તેની પ્રસ્તુતિ કે રીતી જરા સરખી દૂર હડ સેવાય નથી.ગુલાબની પંખુડી પર દેખાતા ઝાકળબિંદુ જેવાં આ અમૃતપુષ્પો જે સ્વીકારી લે તે છૂટાં પડવાનો વિચાર શુદ્ધા નહીં કરે. લગ્ન એક સામાજિક વાત છે અને આ ફરજ એકમેકે સાથે મળીને નિભાવવાની છે.

જો તેમાં સહેજ પણ નાની મોટી ચૂક થાય તો જીવન સવારનાં ખીલેલાં પુષ્પોને સુગંધને બદલે બદબોમાં પરિવર્તિત થઈ જાય. તેથી આપણે ઋગ્વેદની માર્ગદર્શિકા મુજબ ૭ વચનો તો પાળવાના, નિભાવવાનાં જ છે. તો પણ મારી દ્રષ્ટિએ કોઈ પણ દાંપત્યનાં રથમાં બેસીને જીવનને આગળ વધારતા તમામ પાત્ર માટે સાત ‘ સ’મહત્વનાં છે.સંગચ્છધ્વમ, સન્માન, સહનશીલતા, સહયોગ, સમર્પણ, સંયમ અને સમય.સંગચ્છધ્વમ્ એ ઋગ્વેદની પહેલી જ રૂચા કહે છે કે, કન્યા વરને એવું વચન લેવડાવે છે કે કોઈપણ તીર્થયાત્રામાં તું મને સાથે લઈ જઈશ.માત્ર યાત્રાનાં સંદર્ભમાં નથી પરંતુ યાત્રાનો અર્થ થાય છે. જીવનની તમામ મંગળ ઘડીઓ અથવા પવિત્ર પ્રસંગો કે જયાં તેની પત્નીની હાજરી જરૂરી બને છે. એવું કહેવાય છે કે જે સન્માન આપે છે તેને સન્માન મળે છે એટલે કે અહીં પણ એક મેકે પોતાનું સન્માન જાળવવા માટે કરાર કરવાનાંછે. ‘સહનશીલતા’ સહન કરવું, આ શબ્દને શીલ કહેતા સંસ્કારની સાથે જોડી દેવામાં આવ્યો છે. એટલે જયારે આ બંને પાત્રોને કોઈપણ બાબતમાં મત મતાંતર થાય તો તેને સહી લેવા સમર્થ થાય છે. તમે સ્ત્રીને કદાચ તેમના શરીર અને સામાજિક બંધારણથી ભલે નિમ્ન ગણતા હોય પરંતુ તેની સમક્ષતાને ક્યાંય પણ મુલવી શકાય તેમ નથી. ઋગ્વેદમાં બતાવેલી હિંદુ શાસ્ત્રોક્ત તમામ વિધિઓ પર જરા નજર કરો ક્યાંય તમને કોઈ અર્ધાગંનાની બાદબાકી થઈ હોય તેવો પ્રસંગ યાદ છે!? બસ,આ જ રીતે બધાંની સાથે સહયોગ કરતાં રહેવાનો. સમર્પણ છે ત્યાં બધું જ અર્પણ હોય છે તેથી માતૃત્વ પોતાની જાતને હંમેશાં પેઢષત્વની પાસે મૂકી દે છે. પરંતુ એનો અર્થ એ પણ નથી કે કોઈ આપણી સાથે સમર્પિત ભાવથી જોડાઈ ગયું છે અને તમે તેને અવગણીને કે નગણ્ય ગણીને ઉપેક્ષા કરો. આપણી જે માન્યતાઓ છે. તેનું ખંડન કરીને આપણે એકબીજાની સાથે વિશ્વાસ અને ભરોસો લઈને આગળ વધવાનું છે. ત્યાં જ તેનો સમર્પણ ભાવ આવી જતો હોય છે. અંતિમબિંદુ સમય છે. જો તમે પરિવારને સમય ન આપી શકો તો તેવા ઉદ્યોગો કે ધંધાની કોઈ આવશ્યકતા રહેતી નથી. તેથી દરેકે પોતાના પરિવાર માટે સમયદાન એ સમજણપૂર્વકની આહુતિ છે. સંબધ એટલે શું તે અંગ્રેજીમાં ખૂબીથી કહેવાયુંછે.Relationship is not about having a hadsome boyfriend or having a beautiful girlfriend. It is not about looking for a perfect because there is no perfect person on the earth. It is not about looking for well off rich person. Monday cannot buy love. A realationship is finding someone who respect you, who cares about you, who undestands you, who is pround of having you, who loves the way you are, who is faithful to you, and who knows how to comfort you સમ્માન , સંભાળ, સમજ એ સંબંધ છે અને બધુ જ છે.

Takhubhai Sandsur
9427560366

# રામસંખહિ મિક્ષિ ભરત સપ્રેમા, પૂછહિં કુશલ સુમંગલ ક્ષેમા ।


રાજા રડી પડયા અને કહ્યું, "હું શી રીતે ઓળખું?" નાથ સંપ્રદાયમાં કાનમાં કુંડલ પહેરવાની પદ્ધતિ હોવાથી ભગવાને કહ્યું, "જિસ ગધેકે કાન ફટે હુયે હોંગે વહી તુમારે ગુરૂજી હૈ." આ રીતે ઓળખીને ધીરે ધીરે રૂપમાં ગુરૂજીને રાજા ભગવાન પાસે લઈ આવ્યા અને ખુબ જ કરૂણતાથી પ્રાર્થના કરી કહ્યું, " આ રૂપમાં શી રીતે ગુરૂભકિત કરી શકું? કૃપા કરી તેમને માનવ દેહ આપો." રાજાની પોતાની ગુરૂદેવ પ્રત્યે પ્રેમભકિત જોઈ પતિતપાવન ભગવાને તેમને માનવદેહ પાછો આપતાં કહ્યું, " અબ ઈસમેં કોઈ શકિત નહી રહેગી." થોડો સમય ભગવાન ત્યાં બિરાજયા પછી કશમીર જતા રહ્યા. અને આજે પણ કુલુની ગુફામાં છે એમ કહેવાય છે.

ગલતાજીમાં આ રીતનું ચિત્ર આજે પણ છે. જયારે ભગવાન કાશમીર જવાના હતા ત્યારે રાજાએ ખૂબ વિનંતી કરી કે અમને કાંઈક સેવા અપો ત્યારે કહ્યું, "મુઝે તો કુછ નહી ચાહિયે." રાજાએ પોતાની ભાવના દર્શાવતા કહ્યું, "મારી પેઢી દર પેઢી આ ધૂણી હું ચાલુ રખાવીશ." તે સમયમાં તો કહેવાય છે કે રોજ સવા મણ લાકડા ધૂણિમાં નાખતાં પરંતુ કાલાંતરે આજે ત્યાંના વ્યવસ્થાપક દ્વારા એક પેટેલું છાંણ તેમાં રોજ ભસ્મની અંદર દબાવીને મૂકાય છે એટલે અંખડ અગ્નિ છે. આજે પણ તે અખંડ ધૂણીથી ઓળ ખાય છે. ભાવિકજનો તે ભસ્મ લઈ જાય છે. કારણ ભગવાને સ્વમુખે કહેલું, "યહ ભવરોગકી ઔષધિ હૈ."

ત્યાં ગુરૂ પરંપરાનું ચિત્ર પણ રાખવામાં આવ્યું છે. સીતારામજીથી લઈને રામાનંદ સંપ્રદાયની ગુરૂ પરંપરામાં જગદગુરૂ રામાનંદાચાર્યજીના શિષ્ય અનંતા નંદાચાર્યજીને બતાવ્યા છે અને તેમના શિષ્ય પતિ–તપાવનજી ભગવાનને પ્રકાશિત કર્યા છે. પતિતપાવનજી ભગવાનનું નામ કૃષ્ણદાસન મહારાજજી છે પરંતુ નિત્ય દૂધનો જ આહાર લેતા હોવાથી પયાહારી બાબાજીથી ઓળખાય છે અને શ્રી ચરણ સંબોધન કરતા રહ્યા કારણ મર્યાદા પ્રમાણે સદગુરૂદેવનું નામ ન લેવાય.

શ્રી પતિતપાવનજી ભગવાનનેણ શિષ્યો, અગ્રદાસજી, કીલજી મહારાજ અને ભગવાન તે ચિત્રમાં બિરાજે છે. અગ્રદાસજી તેમ જ કીલજી મહારાજે રેવાસા અને ગલતાજીની ગાદી સ્વીકારી અને ભગવાન

## અહૈતુક કૃપા



**પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ. ગુરૂદેવ)**

પરિભ્રમણ નીકળી ગયા. આથી વિશેષ માહિતી મને નથી. બાકી તો ગલતાજીનો ઈતિહાસ આથી વિશેષ પણ છે. ત્યાં ગંગાજીની ધારા નિત્ય પ્રવાહિત છે. જેનાથી મોટો કુંડ ભરેલો છે. અનેક ભાવિકજનો જયાં સ્નાનપાન કરે છે આ ઉપરાંત ગાલવ–ઋષિનો પણ ઈતિહાસ છે અને તેમના નામ પરથી સ્થાનનું નામ ગલતાજી પડયું છે. તેઓએ એક સમયે ગંગાજીથી આહૂતિ આપી યજ્ઞ કરેલો તેમ પણ સાંભળ્યું છે.

**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
**મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત્ત કેળવણી નિરીક્ષક)**
**સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી**
**(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)**



ગુરૂપૂર્ણિમાં જયપુર કરી ત્યારે ભગવાને પતિતપાવનજી ભગવાનની આરતી બનાવવાની શરૂ કરેલ પરંતુ પછી આગળ અધૂરી રહી છે "જય જયપુરવાસી, પ્રભુ જય જયપુરવાસી,
સત્ય અંત અનાદિ,



અખંડ અવિનાશી....જય જયપુરવાસી.....

ભગવાને પતિતપાવનજી ભગવાન માટે કહેલ કે રાજુલાના નાગર બ્રાહ્મણોનું શરીર હતું. આજે જયપુરમાં અમુક મારવાડી લોકો જેઓ પતિતપાવનજી ભગવાનને માને છે તેઓ દાયમા બ્રાહણ તરીકે ઓળખે છે. ભગવાને પ્રાગટય દિન મહા સુલ છઠ બતાવી છે. ત્યાંના લોકો બીજી તિથિ માને છે. એ માટે કહ્યું, "વહ તિથિ ગલત હૈ." ભગવાને કહેલું, આ સિવાય પોતે ગલતાજીમાં તકકી પીસવાનું પણ કામ કરેલ. ભગવાનના ગુરૂબહેન કાવેરી બહેન હતા. તેમને મજાકમાં પોતે કોઈવાર મારતાં એકવાર તેમણે પતિતવાનજીને ફરિયાદ કરી જેથી ભગવાનને નિયમ આપેલ કે બહેનોકો સ્પર્શ નહી કરનાં. તુમ્હરિ કૃપા તુમહિ રઘુનંદન

થોડા દિવસો બાદ ભગવાનનો પત્ર આવ્યો આટલા લાંબા સમયથી ભગવાન કયાં બિશાજે છે તે ખબર ન હતી.

નિત્ય શુંદ્ધ નિરાભાસં, નિરાકરં નિરંજનમ
નિત્ય બોધ ચિદાનંદ, ગુરૂ બ્રહ્મ નમામ્યહમ.
જય જયપુરવાસી, પ્રભુ જયપુરવાસી
સત્ય અનંત અનાદિ અંખડ અવિનાશી...જય જયપુરવાસી

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

**ઉઘાડી આંખોનું સપનુ મૃત્યુ મિમાંસા**

**– એક જાણીતુ દ્રષ્ટાંત છે :** એક રાજા હતો. ઘણા વર્ષો પછી તેમના ત્યાં પુત્રનો જન્મ થયો. પુત્રને ત્યાં ખૂબ લાડથી મોટો કરતા હતા. એક દિવસ પુત્રને અચાનક એક ગંભીર રોગને કારણે તાવ આવ્યો. પતિ–પત્ની પુત્રની સારવાર માટે સતત પુત્રની પથારી પાસે બેસી રહેતા હતા.

– રાજાને બે રાતના ઉજાગર હતા. પત્ની પુત્રને માથે ઠંડા પાણીના પોતા મૂકતી હતી. રાજાને ઉઘ આવી ગઈ. રાજા સપનામાં સરી પડયો. સપનામાં રાજાને ચાર પુત્ર હતા. આ ચારેય પુત્ર સમજુ અને શાણા, આજ્ઞાંકિત હતા. રાજા સુખના સાગરમાં ડૂબયો હતો. આ બાજુ બીમાર પુત્રને આંચકી આવી અને મૃત્યુ થઈ ગયુ! રાણીએ ચીસ પાડી...મરણ પો....! રાજા જાગી ગયો રાજા જે સુખમાંથી પસાર થયો હતો એ આનંદ ભાવ ચહેરા પર ઝળહળતો હતો. રાણી વિલાપ કરતી રડતી હતી. રાજાએ સામુ જોઈને કહ્યુ: " આપણો પુત્ર મૃત્યને શરણે થયો છે અને તમે કેમ રડતા નથી?" રાજા કહે કે હમણા સપનામાં ચાર પુત્ર હતા. તંદુરસ્તી, રૂપાળા અને આજ્ઞાંકિત.....તારી એક ચીસે ચારે પુત્રો મૃત્યયુ પામ્યા........અને જાગીને જોઉ તો આ એક લાડકો પુત્ર મૃત્યુ પામ્યો છે. હુ કોના માટે રડુ?

રાણી સાથે જે જ્ઞાનની વાત કરી અને અશ્વાસન આપ્યુ. તેનો સાર એવો હતો કે આ આપણુ વર્તમાન વાસ્તકિ જીવન એક ઉઘાડી આંખોનુ સપનુ છે. આંખો બંધ થાય અને ઉઘમાં સપના આવે છે. જેમાં મૃત્યુ પામેલા સંબંધીઓ પણ હોય છે. આપણે બધા તેઓ જીવતા હોય તે રીતે જ વાતો કરીએ છીએ. જ્ઞાનીએ કહે છે. આ જીવન એક સપનાથી વધુ નથી. ખરખરો કરવા આવનાર ઘણીવાર બોલતા બાત ભી નહી પૂછતે. સાને ગુરૂજી ભારતીય સંસ્કૃતિ. પૃ.૩૦૫. ઓશોના વિચારોઃ " આત્મા અમર છે. આ કોઈ સિધ્ધાંત નથી. આયડોલોજી નથી. કેટલાક



**ડો. ધીરજકુમાર વ્યાસ**
**મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)**
**બગસરા**

હોય છે. 'ફલાણાભાઈ તો સપનુ થઈ ગયા' આ જ્ઞાન આપણને સમજાયુ તેવુ નથી. જીવનને સમજવા રહસ્ય શોધવા અનેક પુસ્તકેને વાંચવાનુ થયુ છે. મણપુરૂષો મૃત્યુને કઈ દ્રષ્ટિથી જુએ છે. તે પણ વાંચીએ. તેમના જીવનના અનુભવોના સાર રૂપ છે. ૨."મૃત્યુ કા અખંડ સ્મરણ રખકર વી જો જીતા હે, વહુ અપને જીવન કા દુરુપયોગ નહિ કરેગા" (કાકા કાલેકટર પર સખા મૃત્યુ પૃ.૨૦) "મૈ ઉસ મૃત્યુ કી ચિંતા નહિ કરતા જો અકસ્માત ઝટકે સે સાંસો કી દોર કો તોડ દેગી, મૈં ઉસ મૃત્યુ કે બારે મૈં અકસર સોચતા હૂં જો ક્ષણ ક્ષણ ઘટિત હો રહી હૈ, હમ મૈં, તુમ મૈ, સબ મૈ." (ધર્મવીર ભારતી – ફેલે પર હિમાલય પૃ.૪૬)" મૃત્યુ ક્ષણિક અંધકાર હૈ, ઈસ અંધકાર કે પીછે નવજીવન કા સૂર્યોદય હૈ. " (હરિકૃષ્ણ પ્રેમી. શીશવાન. પૃ.૨૦૭)" મરના તો હૈ હી, અપને મનુષ્યત્વ કો ઔર અધિકાર કે લીયે મરો" (યશપાલ–દિવ્યા. પૃ.૫૮) " યાદે જીવન મેં કોઈ અપ્રિય વસ્તુ હૈ તો વહ વસ્તુ તઃ મૃત્યુ નહિ હૈ, મૃત્યુ કા ભય હૈ! રાહુલ સાંકૃત્યયાન (ધુકમડ શાસ્ત્ર પૃ.૧૩૦) "યદી મૃત્યુ ન હોતી તો સંસાર કુરૂપ દિખાઈ દેતા હોતે તો એક દુસરે કી લોકોને અનુભવ છે. અનુવભ તરફ તો જવુ પડશે. જીવન શુ છે તે આ અનુભવ ઉપરથી જાણી શકાશે. જીવન છે. મૃત્યુ નથી. વિજ્ઞાન કદાચ માણસ શરીરને ૨૦૦ કે ૩૦૦ વર્ષ જીવાડી શકે. તેથી આત્મા નથી તેવુ સાબિત નહિ થાય. " આત્મા બે શરીરની અંદર વાસ કરી રહી છે. એક સુક્ષ્મ શરીર અને બીજુ સ્થુલ શરીર.મૃત્યુ વખતે સ્થુળ શરીર પડી જાય છે. જે પંચમહાભૂતોથી બનેલુ છે. તે પછી સુક્ષ્મ વિચારો, સુક્ષ્મ સંવેદનાઓનું બાકી શરીર રહી જાય છે. સુક્ષ્મતંતુથી વીંટાયેલ આ શરીર ફરી યાત્રા શરૂ કરે છે. અને નવો જન્મ માટે સ્થુળ શરીરમાં પ્રવેશ કરે છે. માના પેટમાં નવો આત્મા પ્રવેશ કરે છે.

મતલબ કે સુક્ષ્મ શરીરનો પ્રવેશઃ જેને આપણે મોક્ષ કહીએ છીએ. તે પરમ મૃત્યુના વખતે સ્થૂળ શરીરની સાથે સુક્ષ્મ શરીર પણ પડી જાય છે. પછી આત્માનો કોઈ જન્મ થતો નથી. આત્મા વિરાટમાં લીન થઈ જાય છે. જેમ સાગરમાં ટીપુ પડે અને સાગરમાં ભળી જાય તેમ આત્મા વિરાટમાં લીન થઈ જાય છે."(જીવન કે મંદીર મેં દ્વાર હૈ મૃત્ય કા.પૃ.૧૭)

# સમજણ એ જ નારાયણ

**"પરબ પાણીની માંડીને શું કરશો ? અહી લોકોને મૃગજળની તરસ છે."**

– અદમ ટંકારવી

આપણાં જીવનધોરણો ટૂંકાગાળામાં જ કેટલાં બદલાઈ ગયાં ? ખરેખર કયારેક શાંતિથી આ બાબતે વિચારજો. ત્યારે સમજાશે કે એક બે દસકામાતાં જાણે કે જીવન, જગત અને વ્યવહારમાં કેટલું આમૂલ પરિવર્તન થઈ ગયું છે. બળ દગાડા, સાયકલમાં પેટ, સુવેગા, લ્યુના, ઘોડાગાડી, ઓટોરીક્ષા એમ્બેસેડર ગાડીથી માંડીને પેજર મોબાઈલ (બટનવાળો) કોમ્પ્યૂટર ઈન્ટરનેટ, ટચક્રિન મોબાલઈ, આ તો માત્ર આ પરિવર્તનની યાત્રાનાં થોડાં નમૂનારૂપ પડાવો, સાભનો જ ધ્યાને મૂકયાં છે. જે વાંચકને પોતાની નજર સામે થી જ પસાર થયેલી જીવનયાત્રાનાં અનેક સ્મરણોને નજર સમક્ષ તાદશય કરશે. બાળ પણની વ્યાયામ પ્રધાન સઘળી રમતાં થપ્પો ખો–ખો, ગીલી દંડા, કબડ્ડી, ભમરડો, લખોટી વિ.નું સ્થાન હવે મોબાઈલ અને કોમ્પ્યુટરે લઈ લીધું છે. સમાજની અંદર ખૂબ ચલણમાં રહેતી પ્રવૃતિઓ સત્સંગો પાડોશની ઉમર પ્રમાણે ધૂન– ભજન મંડળીઓ જેવી અનેક સદપ્રવૃતિઓ સમેટાતી જાય છે. માણસ ખૂલ્લામાં જાહેરમાં વધારે રહેતો તે હવે બંધ બારણે રહેતો થઈ ગયો છે !



**યોગેશ ભટ્ટ**
**(બી.એ.એલ.એલ.બી.)**
**મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી**

પરિવર્તન એ જીવનનાં અફર નિયમ છે, સમયની સાથે પરિવર્તન આવશ્યક પણ હોય છે. અને અનિવાર્ય પણ હોય છે. પણ પરિવર્તનનો પવન એટલો તે જ ફૂંકાય કે એ માનવજીવનના મૂલ્યોનાં પાયાને જ હચમચાવી દે,ત્યારે સૌ કોઈએ આ બાબતે ગંભીરતાપૂર્વક વિચારવું જરૂરી બની જાય છે. જયારે સમાજમાં દોટ મૂકાતી હોય ત્યાં ધીરજ મર્યાદા સંતોષ અને સત્સંગ જેવા સદગુણોથી માણસ છેટો ભાગવાં માંડે છે, હવે જો સગવડો પ્રાપ્તિની મૃગતૃષ્ણા માણસનાં જીવન સાથે જોડાયેલાં તેનાં ઘડતર અને ગણતર માટે જ ખૂબ નરૂરી છે. એવા સંસ્કારો સદચિંતન સદ વિચારો અને સદપ્રવૃતિઓથી જ તેને વેગળો કરી નાખે તો તો જે આજે સમાજમાં થઈ રહેલો વ્યવહાર અને વર્તન નર્યો ખોટનો ધંધો જ ગણાશે ! જે દોટ તમને માણસ મટાડીને યંત્ર બનાવી દે તણે માન મર્યાદા ભૂલાવી દે તે કેમ પરવડે ? હજુ સમય હાથમાં છે પાણી માંથી પસાર થી થયું ! સમયસર જાગી જજો ભૌતિકવાદ, અને આધુનિકી કરણની આડમાં પાયા ઉપર ઉધઈ ન લાગે તેનું ધ્યાન રાખજો !

**તીખારો**

માણસનાં દુ:ખનું કારણ તેને પોતથાની પાસે છે એટલુ નહીં પણ
અન્યથી વધારે જોઈએ છે ! એટલે જ એ બીજાના સુખથી દુ:ખી થાય છે !


# યોગ્ય ઉપાય

આપણી આસપાસ ઘણાં એવા લોકો હોય છે જે વાતે વાતે અન્ય માટેના અભિપ્રાયો જાહેર કરી દે છે. અન્યના વ્યક્તિત્વ વિશેનું પ્રમાણપત્ર આપી દે છે. આવા અમુક પ્રકારના લોકો પોતાની નબળી અને ઘસાઈ ગયેલી માનસિકતાથી પીડાતા હોય છે. તે જે માને છે એ જ સાચું બાકી બધું જ ખોટું એવો એમનો અભિગમ હોય છે. અને બીજી વ્યક્તિ પાસેથી પણ પોતે જે ઈચ્છે છે એવા જ વર્તનની અપેક્ષા રાખે છે. અને એવું ન થાય તો કે કોઈપણ વ્યક્તિને તે સ્વાર્થી, મતલબી, અભિમાની, ઘમંડી, કે દંભી જેવા જાતજાતના ટાઈટલ આપી દે છે અને લોકોની નજરમાં પણ જે તે વ્યક્તિ એવી સાબિત થાય એવા પૂરતા પ્રયાસો પોતાના જાહેર માધ્યમોની કમેન્ટ સ્ટેટસ કે સ્ટોરી દ્વારા કરતા રહે છે.

જેના કારણે ઘણી વખત સામે પક્ષે કોઈ વ્યક્તિ સાચી હોવા છતાં લોકો પોતાના વિશે શું ધારશે? એવું માની થોડી નિરાશ થાય છે અથવા તો તેના પર કોઈના અભિપ્રાયોથી ખુશ કે નિરાશ થવાની જરૂર નથી.

કારણ કે ઘણાં લોકોનું એક માત્ર કામ હોય છે અન્યની નિંદા કરવી. તો એ એની માનસિકતા

**અનુભૂતિનાં અક્ષરો**
**- નિધિ મહેતા 'ખુશી' અમદાવાદ**



લાગેલા ટાઈટલો સાચા નથી એવું સાબિત કરવાના પ્રયાસો કરે છે. પરંતુ મારા મતે સત્યને સાબિત કરવાની જરૂર હોતી જ નથી. તે સમય આવે સાબિત થઈ જાય છે. અને આપણું વ્યક્તિત્વ આપણાથી વિશેષ કોઈ જાણતું જ નથી. જયાં સુધી આપણે આપણા અંતર આત્માને પ્રમાણિકતાપૂર્વક મળી શકીએ છીએ ત્યાં સુધી અન્ય છે. એવા કોઈપણ વ્યક્તિની માનસિકતાથી આહત થઈ શા માટે આપણે આપણા કિંમતી સમય અને શક્તિને એની સામે સાચા સાબિત થવા માટે વેડફવા જોઈએ ?

અન્યના અભિપ્રાય માટે વિચારવુંજ કેમ? એ એનો અભિપ્રાય છે એને મુબારક. આપણને ખબર છે કે આપણે શું અને કેવા છીએ એટલું પૂરતું છે. તમે ખૂબ સહજ ને સરળ હો છતાં તમારા વિશે જેને જે માનવું હોય એ એવું જ માનશે તો એ એની માન્યતા કે માનસિકતા છે જે તમે કયારેય ન બદલી શકો અને એવો પ્રયાસ પણ શા માટે કરવો? એ એની માનસિકતાની મર્યાદાઓ હશે એમ માની લેવું વધારે હિતાવહ થશે. એમ અન્યનાં અભિપ્રાય મુજબ આપણે જો આનુસરતા રહીશું તો આખું જીવન તો એમાં જ જશે. વળી, અન્યના અભિપ્રાય પ્રમાણે પરિવર્તન થશે તો એક દિવસ આપણે આપણને જ નહીં ઓળખી શકીએ.

આમ પણ ખરેખર અભિપ્રાય કોના અનુસરાય ? તો જે ખરા અર્થમાં જ્ઞાની હોય અને ખરેખર જે જ્ઞાની હોય એનો અભિપ્રાય તમને પ્રેરણા આપે, માર્ગદર્શન આપે, કે ઉન્નતિ તરફ આગળ વધારે. પરંતુ અમૂક વિઘ્નસંતોષી વ્યકિતઓ એની અલ્પમતિ અનુસાર અભિપ્રાય આપે તો એને અનુસરવા કરતા અવગણવો વધુ આવશ્યક છે. કારણ કે એવા અભિપ્રાયો તમને તોડે છે, નિરાશા તરફ લઈ જાય છે.

તો એવા અભિપ્રાય આપનાર માટે એક જ મંત્ર અપનાવવો "ઈગ્નોરાય નમઃ"

કારણ કે જે તમારા હિતેચ્છુ હશે તે સરાહના જાહેરમાં અને આલોચના અંગત રીતે કરશે. જે તમારી છબી જાહેરમાં ખરડાય એવા અભિપ્રાય આપે તે અંગત કે હિતેચ્છુ તો ન જ હોય. અને જે અંગત કે હિતેચ્છુ હોય જ નહીં એના કોઈપણ અભિપ્રાયથી આપણે વિચલિત શા માટે થવું?

માત્ર ને માત્ર "ઈગ્નોરાય નમઃ" યાદ રાખી આગળ વધતા રહેવું. આવા માણસો અને એની માનસિકતાને અવગણવી એ જ ઉપાય આપણી તંદુરસ્ત માનસિકતા ટકાવી રાખવાનો.

**૩૦જૂન, ''વૈશ્વિબ સોશિયલ મીડિયા દિવસ''**

# વૈશ્વિક કનેકિટવિટીનો આધુનિક મહોત્સવ એટલે સોશિયલ મીડિયા

અમરેલી,તા.૨૯

સોશિયલ મીડિયા એ વ્યકિતઓ, સમુદાયો અને વ્યવસાયોને ભૌગોલિક સીમાઓને પાર વૈશ્વિક કનેકિટવિટીને પ્રોત્સાહન આપે છે. આજ Facebook, Twitter, Instagram, Linkedin, Whatsapp અને Tik Tok જેવા પ્લેટફોર્મ્સ રોજિંદા જીવનના અભિન્ન અંગો બની ગયા છે. સંદેશાવ્યવહારમાં સોશિયલ મીડિયાની ભૂમિકા ઉપરાંત, સામાજિક મીડિયાની માહિતના પ્રસારણમાં તે ખૂબ ઉપયોગીબન્યુછે. સોશિયલમીડિયાથી ઘણી વાર બ્રેકિંગની મિનિટોમાં જ લાખો વપરાશકર્તાઓસુધી માહિતી પહોંચીજાયછે. આ પ્રકારના માહિતીના પ્રવાહની ગતિએ પત્રકારત્વઅનેનાગરિરિપોર્ટિંગમાંક્રાંતિલાવી છે. જેનાથકીવિશ્વભરમાંપ્રગટથતીઘટનાઓ પર રીઅલ–ટાઈમ અપડેટસ મળતી રહે છે. વિદ્યાર્થીઓને ટયુટોરિયલ્સ, ઓનલાઈન અભ્યાસક્રમો અને સંસાધનો એકસેસ કરીને શિક્ષણમેળવવા માટે પણખૂબ ઉપયોગીબન્યુ છે. વ્યાવસાયિક દ્રષ્ટિકોણથી, સોશિયલ મીડિયાએ નેટવકિંગ અને કારર્કિર્દીની તકોને ફરીથી વ્યાખ્યાયિત કરી છે. ઉદાહરણ તરીકે, linkedin વર્ચ્યુઅલરેઝયૂમેપ્લેટફોર્મ



તરીકેસેવાઆપેછે. જયા વ્યાવસાયિકો તેમની

## સોશિયલ મીડિયાનો સંયમિત ઉપયોગ જરૂરી

કુશળતા, અનુભવો અને સિધ્ધિઓનુ પ્રદર્શન કરે છે. તે દ્વારા સંભવિત નોકરીદાતાઓ, ભરતીકારો અને ઉદ્યોગકારોને વિવિધ કાર્યો માટે જરૂરી આવડત ધરાવતી વ્યકિતઓ મળી રહે છે. સોશિયલ મીડિયા સર્જનાત્મક વ્યાવસાયિકો, પ્રભાવકો, કલાકારો, પ્રેક્ષકોમાટે મહત્વાકાંક્ષી તકો પૂરી પાડે છે. સોશિયલ મીડિયાનીઅસર કોમ્યુનિકેશનઅનેકોમર્સથી આગળસર્જનાત્મકતાઅનેઅભિવ્યકિતસુધી વિસ્તરે છે. વ્યકિતઓ કલાત્મક પ્રયાસો, ફોટોગ્રાફી, ફેશન અને ડિઝાઈનને પ્રદર્શિત કરવામાટે Instagram અને Pinterest જેવા પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. આ સાથે સોશિયલ મીડિયા સામાજિક પરિવર્તનને આગળ વધારવા માટે સશકત બનાવે છે. #BlackLivesMatter અને #Me Too તેનુઉદાહરણછે. જેદ્વારાવૈશ્વિકસમર્થન એકત્ર કરીને ગંભીર સામાજિક મુદાઓ વિશે જાગૃતિફેલાવવામાંઆવીહતી. મનોવૈજ્ઞાનિક રીતે, સોશિયલમીડિયાવ્યકિતગતઓળખઅને સામાજિક ક્રિયાપ્રતિક્રિયાઓને આકાર આપવામાં જટિલ ભૂમિકા ભજવે છે. તે સ્વ–અભિવ્યકિત માટે એક પ્લેટફોર્મ પૂરૂ પાડે છે, જેવપરાશકર્તાઓનેતેમનાડિજિટલવ્યકિતને કયુરેટ કરવા અને વ્યકિતગત વાર્તાઓ, માન્યતાઓઅનેઅનુભવોનેશેરકરવાનીમંજૂરી આપે છે. ઓળખની શોધ અને અભિવ્યકિતની આ પ્રક્રિયા આત્મસન્માન અને આત્મવિશ્વાસમાંવધારેકરેછે. સોશિયલમીડિયા પરથતાટ્રોલિંગ, પજવણીઅનેદ્વેષપૂર્ણભાષણ પીડિતોપરઉંડીમનોવૈજ્ઞાનિકકરેછે. જેમાંવ્યકિત ચિતા, હતાશા અને ઘણા કિસ્સાઓમાં સ્વ–નુકસાન તરફ દોરી જાય છે. સોશિયલ મીડિયાનાં દુષ્પ્રભાવથી સ્યુસાઈડ પણ થયાના દાખલાછે. ડીપ્રેશન–ડાયવોર્સ–બ્રેકઅપ એવી ઘટનાઓઅતિસામાન્યબનીગઈછે. સોશિયલ મીડિયાનોસંયમિતઉપયોગજરૂરીછે. નહિતોઆ આશીર્વાદ શ્રાપ પણ બની શકે છે. ઘણા લોકો સતત એમા સમય બગાડતા હોય છે અને અન્ય લોકોના જીવનની અપડેટસ જોતા હોય છે. જેનાથી તેમને FOMO અન્ય (ફીયર ઓફ મિસિંગ આઉટ) ફિલ થતુ હોય છે. આ કારણે તેમને બીજા લોકો જીવનમાં ઘણા આગળ વધી ગયા, બીજા લોકો ઘણુ હેરફેર અને જલસા કરે છે. પણ પોતે રહી ગયા એવી લાગણી ઉત્પન્ન થાયછે. માનસિકસ્વાસ્થ્ય જળવાય રહેતેમાટે ડિજિટલ ઉપવાસ પણ કરેછે. ઘણી વખત ફેક કોલ્સ આવવા, બેંક એકાઉન્ટની વિગતો બહાર પડી જવી છે. જુદા જુદા ફ્રોડસ થવા આવા તમામ પડકારો હોવા છતા સમકાલીન સમાજમાં સોશિયલ મીડિયાની અનિવાર્યતા ઘણી વધારે છે.

– વૈશ્વિક કનેકિટવિટીનો આધુનિક મહોત્સવ એટલે સોશિયલ મીડિયા
–સોશિયલ મીડિયાનો સંયમિત ઉપયોગ જરૂરી **(મિતલ ખેતાણી)**

# અમરેલી નગર શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં પ્રવેશોત્સવ યોજાયો



ગુજરાતસરકારનાંવર્ષ–૨૦૨૪ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા મહોત્સવના આયોજન અંગેનો કાર્યક્રમ તારીખ ૨૬, ૨૭, ૨૮ જુન–૨૦૨૪ અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી સંચાલીત પ્રાથમિક શાળાઓમાં આંગણવાડી, બાલવાટિકા તેમજ ધોરણ–૧ના બાળકોનો તેમજ જ્ઞાન શકિત વિદ્યાલયમાં ધોરણ–૭ તેમજ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ધોરણ–૯ અને ધોરણ–૧૧ના વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે પ્રવેશ આપવામાં આવ્યો, જેમાં નગરસેવક, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સદસ્યઓ, એસ.એમ સી કમિટી અને વાલીઓ ઉપસ્થિતીમાં પ્રવેશ અપાયો. આ તકે આરોગ્ય વિભાગ અને આઈ સી ડી એસની ટિમ દ્વારા ત્રિગુણિ અને હિપેટાઈસની રસી આપી, રસીકરણ કરવામાં આવ્યુ તેમજ વૃક્ષારોપણ કરવામાં આવ્યુ અને સમગ્ર કાર્યક્રમનુ સંચાલન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તમામ શાળામાં કરવામાં આવ્યુ તેમજ એસએમસીકમિટી, દાતાઓ, વાલીઓ ઉપસ્થિત રહ્યા. ગુજરાત સરકારના શિક્ષણ પ્રત્યેના સનિષ્ઠ પ્રયાસ અને અભિગમ સાથે શાળામાં નવા પ્રવેશ મેળવતા નાના નાના ભૂલકાઓને આવકારવાના આ કાર્યક્રમનુ સુંદર આયોજન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં આચાર્યઓ દિનેશભાઈ વ્યાસ, અર્ચનાબેન ભટ, મયુરસિંહ ગોહિલ, ભમિતસિંહ ચૌહાણ, નીતિનભાઈ ચાવડા, મુકેશભાઈ નાકરાણી, વિમલભાઈ પરમાર, વિજયભાઈ મયાત્રા, દિલીપભાઈ કાનપરીયા, હેમલતાબેન જાની, તેજલબેન ભેડા, અંજનાબેન ભીકડીયા, ભરતભાઈ મકવાણા, વનરાજભાઈ કહોર તેમજ માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યઓ વિપુલભાઈ વ્યાસ, રોહિતભાઈ મહેતા, અરૂણાબેન માલાણી, વસંતભાઈ પેથાણી, કંચનબારૈયા, ડો. અમિતભાઈ ઉપધ્યાય તથા શિક્ષકગણે જહેમત ઉઠાવી હતી. તેમ નગર પ્રાથમિકસમિતિનીયાદીમાંજણાવેછે.

## જીલ્લાની ૧૨ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં પ્રવેશ મેળવવા તા. ૩૦ જૂન સુધી ઓનલાઈન અરજી કરવી

અમરેલી, તા.૨૯

અમરેલી જીલ્લાની ૧૨ ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ)માં પ્રવેશ સત્ર–૨૦૨૪ અંતર્ગત પ્રવેશ પ્રક્રિયાનો છેલ્લો દિવસ તા.૩૦ જૂન, ૨૦૨૪ છે. ધો.૧૦ અને ધો. ૦૮ પાસ હોય તેવા કોઈ પણ ઉમેદવારે ઓનલાઈન અરજી કરવા માટે જીલ્લાની કોઈ પણ આઈ.ટી.આઈ.નો સંપર્ક કરવો. અમરેલી જીલ્લામાં હાલમાં અમરેલી, લાઠી, લીલીયા, બાબરા, બગસરા, ધારી, કુંકાવાવ, વડિયા, સાવરકુંડલા, ખાંભા, રાજુલા અને જાફરાબાદ એમ ૧૨ સ્થળોએ સરકારી ઔદ્યોગિક તાલીક સંસ્થા (આઈ.ટી.આઈ) કાર્યરત છે, ત્યાં હેલ્પ સેન્ટરની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ સેન્ટર પરથી ઉમેદવાર સહેલાઈથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે, તેમ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના નોડલ અને અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૯૫ | ૧૧૮૨ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૧૫૪ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૭૮૫ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૫૩૩ |
| ૫ | તલ સફેદ | ૨૧૫૫ | ૨૬૩૦ |
| ૬ | તલ કાળા | ૨૨૬૦ | ૩૧૯૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૧૬૫ | ૩૧૭૧ |
| ૮ | બાજરો | ૩૮૧ | ૪૩૪ |
| ૯ | જુવાર | ૪૧૫ | ૮૭૧ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૬૦ | ૫૮૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૧ | ૫૮૫ |
| ૧૨ | મગ | ૧૨૦૦ | ૧૫૭૫ |
| ૧૩ | ચણા | ૧૦૫૦ | ૧૨૯૧ |
| ૧૪ | તુવેર | ૧૧૮૦ | ૨૨૫૫ |
| ૧૫ | કપાસ | ૯૯૮ | ૧૫૧૫ |
| ૧૬ | એરંડા | ૧૦૪૭ | ૧૦૯૩ |
| ૧૭ | જીરૂ | ૩૩૦૦ | ૫૩૯૦ |
| ૧૮ | રાયડો | ૯૫૦ | ૯૫૦ |
| ૧૯ | રાય | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૨૦ | ધાણા | ૧૦૫૦ | ૧૩૭૫ |
| ૨૧ | અજમા | ૯૭૦ | ૨૪૧૦ |
| ૨૨ | મેથી | ૯૭૦ | ૧૦૪૦ |
| ૨૩ | સોયાબીન | ૭૫૦ | ૮૬૧ |
| ૨૪ | રજકાનું બી | ૩૨૭૫ | ૫૪૮૦ |
| ૨૫ | વરીયાળી | ૧૩૩૫ | ૧૩૩૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૪ | ૧૫૫૬ |
| ૨ | મગફળી | ૧૦૮૫ | ૧૧૩૫ |
| ૩ | જીરૂ | ૪૫૯૫ | ૫૪૪૫ |
| ૪ | ઘઉ | ૪૬૯ | ૫૭૧ |
| ૫ | તલ સફેદ | ૨૩૯૫ | ૨૫૭૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૦૦ | ૧૦૭૬ |
| ૨ | ઘઉ | ૫૧૧ | ૫૧૧ |
| ૩ | ચણા | ૧૨૪૦ | ૧૨૭૯ |
| ૪ | તુવેર | ૧૯૩૦ | ૧૯૩૦ |
| ૫ | ધાણા | ૧૧૧૫ | ૧૨૫૫ |
| ૬ | શીંગ દાણા | ૧૫૫૦ | ૧૮૦૫ |
| ૭ | એરંડા | ૧૦૪૫ | ૧૦૮૫ |
| ૮ | જુવાર | ૭૩૫ | ૭૩૫ |
| ૯ | સોયાબીન | ૮૪૦ | ૮૫૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૫ | ૧૧૯૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૧૦ | ૧૧૭૧ |
| ૩ | શીંગ દાણા | ૧૫૮૦ | ૧૭૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૬૨૫ |
| ૫ | તલ કાળા | ૨૯૦૦ | ૩૨૦૦ |
| ૬ | જીરૂ | ૫૦૦૦ | ૫૫૦૦ |
| ૭ | કપાસ | ૧૩૫૧ | ૧૫૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૬૫ | ૫૪૨ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૩૯ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૬૨ |
| ૧૧ | જુવાર | ૫૫૦ | ૮૬૫ |
| ૧૨ | મકાઈ | ૫૩૧ | – |
| ૧૩ | મગ | ૧૫૦૦ | ૧૬૮૯ |
| ૧૪ | અડદ | ૧૭૪૮ | ૧૯૩૦ |
| ૧૫ | ચણા | ૧૧૬૦ | ૧૩૦૪ |
| ૧૬ | તુવેર | ૨૦૦૦ | ૨૩૦૦ |
| ૧૭ | એરંડી | ૧૦૭૧ | – |
| ૧૮ | સોયાબીન | ૮૪૧ | – |

## રાજુલા : ગોવર્ધનનાથજી હવેલી ખાતે ત્રિવિધ કાર્યક્રમ યોજાશે



રાજુલા, તા. ૨૯

રાજુલા ગોવર્ધનનાથજી હવેલી ખાતે વર્ષો બાદ ત્રિવિધ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે જેમાં આ હવેલી ખાતે પાટોત્સવ તેમજ શ્રી વલ્લભ સદન નામકરણ અને સાથે સાથે લોકાર્પણ કાર્યક્રમ નું આયોજન તા. ૨.૦૭.૨૦૨૪ નાં રોજ આ સમગ્ર કાર્યકમ ધામધૂમથી ઉજવવામાં આવશે આ મંગલ દિવસે રાજુલા હવેલી ના ઉપર ના ભાગે નવીનીકરણ તેમજ જીણોધાર નું કાર્ય પ.ભ. માતૃશ્રી જીવીબેન ચત્રભુજ ભાઈ રાયચા તથા નીલાબહેન મહેન્દ્રભાઈ રાયચા નાં અનુદાનથી સંપન થયેલ હોય અને તેમનું શ્રી વલ્લભ સદન નામાકરણ તેમજ લોકાર્પણ વિધિ રાજુલા હવેલીના ગાદીપતિ પૂ.પા.ગો.૧૦૮ શ્રી પુઢષોત્તમ લાલજી મહારાજ (શ્રીરાંજુબાવા) ના વરદ હસ્તે રાખવામાં આવે છે આ પ્રસંગે અમૂલ્ય અવસરે સર્વ વૈષ્ણવોને પધારવા રાજુલા હવેલી ટ્રસ્ટીઓ દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે આ પ્રસંગે નિત્ય દર્શન. પલનામા નંદ મહોત્સવ રાજભોગ માં તિલક આરતી તેમજ બ્રહ્મ સબંધ તેમજ શયનમાં ફુલના બંગલામાં ઠાકોરજીના દર્શન તેમજ શ્રી વલ્લભ સદન લોકાર્પણ કાર્યક્રમ સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન આ હવેલી ખાતે રાખવામાં આવેલ છે આ કાર્યકમ સફળ બનાવવા માટે રસિકભાઈ પારેખ તેમજ ટ્રસ્ટી મંડળના તમામ સભ્યો ભારતીય ઉઠાવી રહ્યા છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૩૫૦ | ૨૫૪૬ |
| ૩ | તલ કાળા | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૫ | બાજરો | ૪૪૧ | ૪૮૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૨ |
| ૭ | જુવાર | ૪૨૫ | ૮૯૦ |
| ૮ | મકાઈ | ૪૩૦ | ૪૩૦ |
| ૯ | મગ | ૧૨૫૦ | ૧૬૧૭ |
| ૧૦ | અડદ | ૧૭૪૦ | ૧૭૪૦ |
| ૧૧ | ચણા | ૮૦૦ | ૮૦૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૭૦૦ | ૧૭૧૧ |
| ૧૩ | સોયાબીન | ૮૨૧ | ૮૨૧ |
| ૧૪ | રાય | ૯૨૬ | ૯૨૬ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં અર્ધાથી લઈને**

પાણીમાં તરબતર થયા હતા. જયારે લીલીયાની બજારોમાં વરસાદી પાણી ભરાતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

બાબરામાં પંથકમાં આજે પણ બપોર બાદ ફરી બીજા રાઉન્ડની ઈનિંગ શરૂ કરી મેઘરાજાની ધમાકેદાર શરૂઆત થવા પામી હતી. બાબરા શહેર ઉપરાંત તાલુકાના ગમા પીપળીયા, ચમારડી, વલારડી, વાવડી, જીવાપર, પીરખીજડિયા, ચરખા સહિતનાં ગામડાઓ પણ ધોધમાર વરસાદ વરસી પડયો હતો. જયારે બાબરા સિમ વિસ્તારમાં અને ઉપરવાસમાં ધોધમાર વરસાદથી નિલવડા રોડ પર આવેલ મેલડીમાં તળાવમાં નવા નીર આવ્યા હતા.

લાઠીનાં ગ્રામ્ય પંથકમાં પણ આજે ધોધમાર વરસાદ ખાબકયો હતો. લાઠીના કાચરડી ગામે વરસાદ પડતા કાચરડી ગામના પાદરમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. ઉપરાંત દામનગર શહેરમાં પણ ધોધમાર વરસાદ પડયો હતો. ત્યારે દામનગરમાં વરસાદી પાણીમાં નાહવાની મજા બાળકો માણતા જોવા મળ્યા હતા.

અમરેલી જિલ્લા ફલડ કંટ્રોલ રૂમ ખાતે આજે સવારે ૬ વાગ્યાથી સાંજના ૮ વાગ્યા સુધીમાં વડીયામાં ૧૪ મી.મી., બાબરામાં ૨૫ મી.મી., લાઠીમાં ૫ મી.મી., લીલીયા ૧૪ મી.મી., અમરેલીમાં ૧૭ મી.મી., બગસરામાં ૨૧ મી.મી., ધારીમાં ૬ મી.મી., સાવરકુંડલામાં ૧૦ મી.મી. તથા ખાંભામાં ૭ મી.મી. વરસાદ નોંધાયો હતો.

**બગસરા**

બગસરા પંથકમાં મેઘમહેર ધીમીધારે એક એક ઈંચ વરસાદ પડયો તથા ગ્રામ્ય વિસ્તારમાં બે ઈંચ જેવો વરસાદ પડતા ખેડૂતોમાં ખુશીનો મહાલ જોવા મળ્યો છે. ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં ઠંડક પ્રસરી છે ડેરી પીપરીયા, માવજીંજવા, બાલાપુર, મોટા મુંજીયાસર, રફાળા, નાના મુંજિયાસર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજાની પધરામણી થઈ છે. ત્યારે છેલ્લા દસ દિવસથી બફારો થતાં ઠંડક થતાં લોકોમાં આનંદનો માહોલ છવાયો છે.

**બાબરા**

બાબરા સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સવારથી મેઘરાજાનું ધીમી ધારે વરસાદ પડી જતા વાતાવરણમાં ભારે ઠંડક પ્રસરી ગઈ છે. તાલુકાના ચમારડી, વાવડી, ઘરાઈ, દરેડ, ખાખરીયા, મોટા દેવળીયા, ઉંટવડ, ચરખા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પણ સારો એવો વરસાદ પડી જતા મોલાતને ફાયદો થતા ખેડૂતોમાં રાહતની લાગણી સાથે ખુશી જોવા મળી હતી.

બાબરા સહિત નિલવડા અને ચરખા ગામમાં સારો વરસાદ પડતાં અહીં મેલડીમાં તળાવમાં પણ નવા નીરની આવક જોવા મળી હતી.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૧૦ |
| ૨ | ચણા | ૧૨૦૯ | ૧૨૨૫ |
| ૩ | તુવેર | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૪ | શીંગદાણા | ૧૪૧૫ | ૧૪૧૫ |
| ૫ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૪૪૫ |
| ૬ | સીંગ ફાડા | ૧૩૫૦ | ૧૪૧૫ |
| ૭ | સોયાબીન | ૮૨૩ | ૮૫૦ |
| ૮ | ચોળી | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૯ | જુવાર | ૭૬૦ | ૭૯૦ |
| ૧૦ | મગફળી | ૮૬૦ | ૮૬૦ |
| ૧૧ | અડદ | ૧૬૯૫ | ૧૬૯૫ |
| ૧૨ | ધાણા | ૧૧૨૦ | ૧૨૧૫ |


હવે.. બદલાશે સારવારની પરીભાષા
અમરેલીમાં એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ ધરાવતી હોસ્પિટલ
સાંધા બદલવાના ઓપરેશન તદન મફત કરી આપવામાં આવે છે
ડૉ. અંકિત ગાબાણી (M.B.B.S., D.ORTHO)
તમામ પ્રકારના ફેકચર, સ્નાયુ,હાડકા,સાંધા,મણકાના દુઃખાવા,ગોઠણ બદલવાના ઓપરેશન(TKR) થાપાનો ગોળો બદલવાના ઓપરેશન(THR) તાણીયાંના ઓપરેશન (આર્થોસ્કોપી)

ડૉ. નીત ચોટાઈ MBBS, M.S., DrNB (Urology)
કિડનીના રોગો, પથરીના ઓપરેશન, પ્રોસ્ટેટના ઓપરેશન અને સારવાર સુન્નતના ઓપરેશન, પુરૂષોમાં વંધ્યત્વ અને સેકસ સંબંધીત સમસ્યાઓનું નિરાકરણ
લેબોરેટરી, ડીઝીટલ એક્સ-રે, મેડિકલ સુવિધા રાહતદરે ઉપલબ્ધ.
આયુષ્માન ભારત યોજના દ્વારા મફત સારવાર ઉપલબ્ધ.
વાહન અકસ્માતમાં મફત સારવાર અને ઓપરેશન (પ્રથમ ૪૮ કલાકમાં)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ





ડોકટર્સ-ડે નિમિતે શુભેચ્છા...
Happy Doctor's Day
Doctor are one of the most inspiring figures of society and their public-spirited effort should be celebrated every day...
નહિ ઈન્જેકશન, નહિ કોઈ દુઃખાવો, નહિ પાટો કે નહિ પટ્ટી ખુલ્લી આંખે આવો અને ખુલ્લી આંખે જાઓ.
ઓપરેશન બાદ તુરંત જ દેખાવાનું શરૂ
૫ દિવસમાં રોજીંદુ કામકાજ કરી શકાય
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ આંખની હોસ્પિટલ
ડો. અભિષેક ઠાકર, મો. ૮૨૩૮૩ ૦૯૧૧૪
રોયલ કોમ્પ્લેક્ષ, ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫


### ગ્રામ્ય વિસ્તારમાં ખાતરની કંપનીમાં આગથી અફડાતફડી

# અમરેલીનાં પીઠવાજાળ ગામે પેરેડાઈઝ કંપનીમાં આગ લાગતાં લાખો રૂપિયાનાં નુકસાનની આશંકા

## ૨ શ્રમિકોને આગની જવાળામાંથી બચાવી લેવાયા



અમરેલી, તા. ૨૯

અમરેલી નજીક આવેલ પીઠવાજાળ ગામે આવેલ ખાતર બનાવતી પેરેડાઈઝ કંપનીમાં આકસ્મિક રીતે આગ લાગતાં ફાયર ટીમે ઘટનાસ્થળે દોડી જઈ આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો અને બે શ્રમિકોને આગની જવાળાથી બચાવી લીધાનું જાણવા મળેલ છે.

જો કે કંપનીને કેટલા રૂપિયાનું નુકસાન થયું તે અંગે હજુ સુધી સત્તાવાર રીતે કોઈ વિગતો બહાર આવી નથી.

### વ.ક.ફ. બોર્ડની જમીનનો બારોબાર કર્યો સોદો

# દામનગરનાં ઈકબાલ ડૈરૈયાની બનાવટી દસ્તાવેજ બનાવવાનાં ગુન્હામાં અટકાયત

## અંકલેશ્વર પોલીસે કાનૂની કાર્યવાહી શરૂ કરી

દામનગર, તા. ૨૯

દામનગરનાં ઈકબાલ ડેરૈયાની વ.ક.ફ. બોર્ડની જમીનનાં ખોટા દસ્તાવેજ બનાવી વેચી દેતા ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરેલ છે.

આ બનાવની જાણવા મળેલ વિગત મુજબ દામનગરમાં રહેતા ઈકબાલ ઈસાભાઈ ડેરૈયાએ વ. ક. ફ. બોર્ડની જમીનના ખોટા દસ્તાવેજ બનાવી વેચી દેવા બાબતે અંકલેર શહેર બી ડીવીઝન તથા અંકલેર જીઆઈડીસી પો.સ્ટે.માં દાખલ થયેલ ચાર ગુન્હામાં વોન્ટેડ જાહેર થયેલ. જે અન્વયે પોલીસને બાતમીદારથી ખાનગી હકીકત મળેલ કે



અંકલેર શહેર બી ડીવીઝન પો.સ્ટે.માં ગુ. ર. નંબર ૧૧૧૯૯૦૬૧૨૪૦૦૧૦/૨૦૨૪ ઈ.પી.કો. કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦ (બી) તથા નોંધણી અધિનિયમ ૧૯૮૦ ની કલમ–૮૨ (એ.બી.સી. ડી.) મુજબના ગુન્હામાં વોન્ટેડ આરોપી ઈકબાલ ઈસાભાઈ ડેરૈયાની ગુમાનદેવ ગામ પાસે આવેલ ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ પાસેથી મળી આવતા સી.આર.પી.સી.ની સંલગ્ન કલમો મુજબ કાર્યવાહી કરી વધુ તપાસ અર્થે અંકલેર શહેર બી ડી.પો.સ્ટે.ખાતે સોંપવામાં આવેલ છે.


ક્રિષ્ના ડાઈનીંગ હોલ


અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨


### પતિએ પિયર જવાની ના પાડતા


# રાજુલાનાં ચાંચબંદર ગામે પરિણીતાએ ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન મોત

અમરેલી, તા. ૨૯

રાજુલા તાલુકાના ચાંચબંદર ગામે રહેતા નાનુબેન કિશનભાઈ ધીરૂભાઈ ચૌહાણ નામની ૨૫ વર્ષિય પરિણીતાને પોતાના પિયર જવુ હોય પરંતુ તેણીના પતિએ થોડા સમય પછી જવાનું કહેતા તેણીને લાગી આવતા ગત તા. ૨૩ ના સાંજના આઠેક વાગ્યાની આસપાસ પોતે પોતાની મેળે ઉંદર મારવાની ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,250/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૯/૦૬/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો 95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬






હૃદયરોગના હુમલા વખતે કરાવવી પડતી એન્જીયોગ્રાફી કે એન્જીઓપ્લાસ્ટી હૃદયની બંધ નળીઓને સ્પ્રીંગ (સ્ટેન્ટ) મુકીને ખોલવાની સારવાર તદ્દન મફતમાં.... ફ્રી
મુખ્યમંત્રી અમૃતમ (મા) કાર્ડ યોજના પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)
એઈમ્સ હોસ્પિટલમાં ફ્રી (મફત)માં થતી સારવાર
એઈમ્સ હોસ્પિટલ-અમરેલી
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી.
02792-222060/76108 10827
નોંધ : આ તમામ યોજનાનો લાભ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના તથા મુખ્યમંત્રી અમૃતમ (મા) કાર્ડ યોજનાના કાર્ડ ધારકોને જ મળવાપાત્ર છે



શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
- જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮




Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ...
ડૉ. વિવેક જોષી M.B. (Psy) D.P.M., F.I.P.S., M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકીયાટ્રસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત...
: લક્ષણો :
- ઉદાસી રોગ
- મરવાના વિચાર આવવા
- વિચારવાયુ
- વહેમ, શંકા
- મંદબુદ્ધિ બાળકોની સારવાર
- ચિંતા-ટેન્શન
- માથાનો દુઃખાવો
- જાતિય રોગો
- વ્યસનમુકિત : દારૂ, બીડી, તમાકુ, કાલા

સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...



Sheetal
We are HIRING!


FRANCHISE MANAGER
Number of position : 01
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli

BACK OFFICE
Number of position : 03
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli

Ready to take your sales career to new heights?
PLEASE SEND YOUR CV
+91 95109 59957
hr@scplco.com


જન્નત નસીન

### શ્રદ્ધાંજલિ



સ્વ. અનુભાઈ હુસેનભાઈ ગગનીયા

સ્વ. તારીખ. ૨૫/૬/૨૦૨૪, મંગળવાર

લી.

| | |
|---|---|
| જમાલભાઈ હુસેનભાઈ ગગનીયા | રજાકભાઈ હુસેનભાઈ ગગનીયા |
| વલીભાઈ હુસેનભાઈ ગગનીયા | અલ્પેશભાઈ અનુભાઈ ગગનીયા |
| રહીમભાઈ હુસેનભાઈ ગગનીયા | નાસીરભાઈ અનુભાઈ ગગનીયા |
| ગુલાબભાઈ હુસેનભાઈ ગગનીયા | અકિલાભઈ અનુભાઈ ગગનીયા |

તથા સમસ્ત ગગનીયા પરિવાર


LG Life's Good.
MONSOON BONANZA
Get LG's world class products with attractive rainy offers

ENJOY MONSOON OFFER
1 EMI FREE (on select products)
FIXED EMI ₹999*
UP TO 26%* CASHBACK
LG BEST SHOP મુકુન્દરાય એન્ડ બ્રધર્સ
કાર કેર સેન્ટરની સામે, ચકકરગઢ રોડ, અમરેલી મો.૯૪૦૮૧ ૫૯૬૦૬/૯૯૭૪૭ ૭૨૩૭૭


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)